Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૭ મો

વૈશાખ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી મે

વીર સં. ૨૪૭૭ વિ સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું
અંક ૭ મો.

## વૈશાખ

વીર સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


૧ સદ્ગત શ્રી મોતીચંદભાઇ ... (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૩૦

૨ સ્મૃતિ–પટ ... ... ... ... (પંડિત સુખલાલજી) ૧૩૩

૩ પ્રસારક સભાના મોતીભાઈ ... (શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા) ૧૩૮

૪ જૈનોએ ગુમાવેલ અમૂલ્ય રત્ન ... (શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ) ૧૪૩

૫ શ્રી મોતીચંદભાઇ અને વિવિધ ક્ષેત્રો ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૪૪

૬ શ્રી મોતીચંદભાઇને સ્મરણાંજલિ : (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૪૬

૭ જૈન સમાજનું 'મૌક્તિક' ગયું ... (શ્રી રાજપાલ મગનલાલ વહોરા) ૧૪૯

૮ સદ્ગતને નિવાપાંજલિઓ ... ... ... ... ... ૧૫૨


### નવા સભાસદ

ગાંધી રતિલાલ પાનાચંદ ડેરોલ લાઇફ મેમ્બર

### ખેદકારક સ્વર્ગવાસ

બોટાદનિવાસી ભાઈશ્રી શ્રી લાડકચંદ પાનાચંદ ગત પોસ શુદિ તેરશના રોજ વૃદ્ધવયે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી નીડર સ્વભાવના તથા નિખાલસ હૃદયના હતા. ધર્મની ધગશવાળા તેમજ શાસનપ્રેમી હતા. આપણી સભાના ઘણા વર્ષોથી આજીવન સભાસદ તેમજ હિતચિંતક હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે. અમે તેમના પુત્ર ધીરજલાલ તથા આપ્તવર્ગને દિલાસો આપતાં સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

### જયંતિ ઉજવવામાં આવી

ચૈત્ર શુદિ તેરશ ગુરુવારના રોજ આપણી સભાના ત્રીજા હોલમાં શ્રી શીતલ દિગંબર જૈન યુવક મંડળ, ઝાલાવાડ જૈન હિતેચ્છુ મંડળ તથા શ્રી વિજયધર્મ પ્રકાશક સભા–એ ત્રણે સંસ્થાના સંયુક્ત આશ્રય નીચે મ્યુનિસીપાલીટીના પ્રમુખશ્રી હરજીવન કાલિદાસના પ્રમુખપણા નીચે ભગવંત મહાવીરની જયંતિ સારી રીતે ઉજવવામાં આવેલ, જે સમયે મુખ્ય વક્તા પ્રો. રવિશંકર જોષી, યતિશ્રી હેમચંદ્રજીના સુંદર પ્રવચનો થયેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું.
અંક ૭ મો

: વૈશાખ :

વીર સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭



સ્વર્ગસ્થ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| સં. ૧૯૩૬ માગશર વદ ૨ | સં. ૨૦૦૭ ફાગણ વદિ ૫ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌ગત શ્રી મોતીચંદભાઇ

શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયાનું સં. ૨૦૦૭ ના ફાગણ વદ પાંચમના રોજ એકોત્તેર વર્ષની ઉમરે મુંબઇમાં અવસાન થયું તેની નોંધ અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ કરેલ ઠરાવ ગયા ચૈત્ર માસના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શ્રી મોતીચંદ આ સભાના એક પ્રાણભૂત હતા. 'પ્રકાશ' માસિકમાં તેઓના લેખો નિયમિત આવતા. તેઓએ માસિકને તેમના લખાણોથી સમૃદ્ધ કરેલ છે. તેઓશ્રીએ સભાની અને જૈનધર્મ પ્રકાશની જે આજીવન અમૂલ્ય નિઃસ્વાર્થ સેવા કરી હતી, તેની યાદમાં ગયે વર્ષે સભાએ એક ભવ્ય મેળાવડો કરી તેઓશ્રીને રૂપાના કાસ્કેટમાં માનપત્ર અર્પણ કર્યું હતું, અને ફૂલ નહિં તો ફૂલની પાંખડી એ ન્યાયે તેઓશ્રીનો સત્કાર કર્યો હતો. તે મેળાવડાનો હેવાલ ગયા વર્ષના પોષ-મહાના અંકમાં આપવામાં આવ્યો છે. તે પ્રસંગે તેઓએ સભાની પેટ્રનશીપ પણ સ્વીકારી હતી. તે અરસામાં ભાવનગરના શ્રી જૈન સંઘે એક ભવ્ય મેળાવડો કરી સૌરાષ્ટ્ર હાઈકોર્ટના માનવંતા ચીફ જસ્ટીસ સર હરિસિદ્ધભાઈ દીવેટીયાના પ્રમુખપણા નીચે રૂપાના કિંમતી કાસ્કેટમાં માનપત્ર અર્પણ કર્યું હતું, તે હેવાલ પણ ગયા વર્ષના પોષ-મહાના અંકમાં આપવામાં આવ્યો છે. તે વખતનું તેમનું સ્વાસ્થ્ય જોતાં એક વર્ષમાં તેઓ સ્વર્ગવાસ પામશે એવું માનવામાં આવતું ન હતું, પણ આયુષ્ય કર્મ પૂર્ણ થયે એક સમય પણ આયુષ્ય લંબાવી શકાતું નથી તે કર્મનો નિયમ અટલ અને અબાધિત છે.

શ્રી મોતીચંદે જૈન સમાજની જે સેવા કરેલ છે, જાહેર પ્રજાની જે સેવા કરેલ છે તેની યાદમાં મુંબઇમાં અને અન્ય સ્થળોમાં શોકસભાઓ મળેલ છે અને તેમના પુત્રો અને કુટુંબીઓને આશ્વાસન આપવાના ઠરાવો થયા છે. શ્રી જૈનધર્મ પ્રસારક સભાનું તો તેમના પ્રત્યેનું રૂણ વિશિષ્ટ છે, તેથી તેમની સ્મૃતિ માટે આ અંક કાઢવામાં આવ્યો છે.

પહેલો લેખ પંડિતવર્ય શ્રી સુખલાલજીનો છે. તેઓશ્રીએ શ્રી મહાવીર વિદ્યાલયના ધાર્મિક અભ્યાસ અને ધાર્મિક પ્રવૃત્તિ માટે સદ્‌ગત સાથે વખતોવખત જે વિચારણા અને ચર્ચાઓ થઇ તેનો ઉલ્લેખ કર્યો છે. જે વિચારો જાણવા અને બની શકે તેટલે દરજ્જે ભવિષ્યમાં પણ અમલમાં મૂકવા જેવા છે.

બીજો લેખ શ્રી પરમાણંદદાસ કાપડિયાનો છે. ભાઇશ્રી પરમાણંદ મોતીચંદના કાકા સ્વ. કુંવરજીભાઈના દીકરા થાય, પિતરાઇ ભાઇ થાય. તેઓ નાનપણથી સદ્‌ગતના પરિચયમાં આવેલ. મુંબઇમાં પણ ઘણા વર્ષોથી બંનેનો વસવાટ હતો. એટલે ઘરના એક સ્વજનની માફક સદ્‌ગતના જીવનના જાણકાર છે. આ લેખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચવાથી જણાશે કે–પરમાણંદ ઊંડા અભ્યાસી અને પ્રખર લેખક છે એટલું જ નહિ પણ મનુષ્ય સ્વભાવના અભ્યાસી, સ્વભાવની જૂદી જૂદી પ્રકૃતિઓનું પૃથક્કરણ કરી તેમાંથી તત્ત્વ શોધનાર એક તત્ત્વજ્ઞ જેવા છે. તેઓ મોતીચંદના જીવનમાં દેખીતો વિરોધ–વિસંવાદ જોતા હતા. કયાં અધ્યાત્મકલ્પદ્રુમ અને શાંત સુધારસના ત્યાગ-વૈરાગ્યના વિવેચક મોતીચંદ, અને કયાં ઑફિસમાં અને કોર્ટમાં લડનાર સોલિસીટર, કયાં સમભાવસેવી સામાયક કરનાર અને કયાં તકરારી વિષયોમાં મ્યુ૦ની કોર્પોરેશનમાં વાદવિવાદ કરનાર મોતીચંદ. પરમાણંદને આમાં વિસંવાદ જણાતો હતો; પણ પરમાણંદ છેવટે લખે છે તેમ દેખીતો વિરોધાભાસ મોતીચંદના છેલ્લા બે ત્રણ વર્ષના જીવનમાં અદૃશ્ય થઈ ગયો હતો અને તેમની અધ્યાત્મ ભાવનાએ બળવત્તર સામ્રાજ્ય સ્થાપ્યું હતું.

બે ત્રણ વર્ષના સૂક્ષ્મ અવલોકન પછી આપણી સમક્ષ મૂકેલ આ આખો લેખ વાંચવા વિચારવા જેવો છે. ભાઇ પરમાણંદે પ્રબુદ્ધ જૈનના તા. ૧ લી એપ્રીલના અંકમાં "સૌહાર્દમૂર્તિ સદ્ગત મોતીચંદભાઇ" ના શીર્ષક નીચે લેખ લખ્યો છે. તે લેખ વાંચવા અને વિચારવા જેવો છે. આ લેખ અને પ્રબુદ્ધ જૈનમાં પ્રસિદ્ધ થયેલ લેખ વિષે ભેદ એ છે કે—પ્રબુદ્ધ જૈનના લેખમાં સદ્ગતના જાહેર જીવનને પ્રધાનતા આપવામાં આવેલ છે. 'પ્રકાશ'ના લેખમાં સદ્ગતના ખાનગી–અંતર્મુખ જીવનને પ્રધાનતા આપેલ છે. હાલના પલટાયેલા દેશકાળના સંજોગોમાં એક જીવનને સફળ બનાવવાને જીવનમાં અધ્યાત્મરસિકતા અને કર્મ–સેવાભાવના બંનેનો સુમેળ આવશ્યક છે. ત્યાગી વૈરાગી બની એકાંત સેવવાનો નથી, તેમ વ્યવહારની પ્રવૃત્તિઓમાં જ રચ્યાપચ્યા રહી આધ્યાત્મિક વિકાસની પ્રવૃતિ તરફ ઉદાસીન રહેવાનું નથી. શ્રી મોતીચંદના જીવનમાં બંનેનો કેવો સુમેળ હતો, અને તેમાં બળવત્તર ભાવના તો અધ્યાત્મની હતી તે શ્રી પરમાણંદે લેખમાં સુંદર મર્મગ્રાહી ભાષામાં બતાવેલ છે.

ત્રીજો લેખ શ્રી કકલભાઇ ભુદરભાઇ વકીલનો છે. તેઓશ્રી મહાવીર વિદ્યાલયના, હું માનું છું ત્યાંસુધી, ઘણા વર્ષ સુધી ખજાનચી હતા. સદરહુ વિદ્યાલયના ફંડ માટે સદ્ગતે માન અપમાનની પરવા કર્યા વિના ઘેરઘેર ફરી જે મોટી રકમ ભેગી કરી હતી તેનો સ્વાનુભવ કકલભાઈ વર્ણવે છે. આવી સંસ્થા ચલાવનારને એક દૃષ્ટાંતરૂપ સદ્ગતનું જીવન છે.

ચોથો લેખશ્રી મોહનલાલ દીપચંદ ચોકસીનો છે, તેમાં કોન્ફરન્સની વિધવિધ પ્રવૃત્તિઓમાં સદ્ગતે કેવો સક્રિય ભાગ લીધો હતો, અને કોન્ફરન્સ ઉપર ચડતી પડતીના પ્રત્યાઘાતો થતાં કેવી માનસિક સમતુલા સાચવી અમૂલ્ય સલાહ આપી હતી તેનું બ્યાન કરેલ છે. કોન્ફરન્સના પાછલા સમયમાં ભાઇશ્રી મોહનલાલ તે સંસ્થા સાથે ઓતપ્રોત થયેલા હતા એટલે તેમનો અંગત અનુભવ અહીં મૂકવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમો લેખ સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદનો છે. તેમના લેખમાં બીજી હકીકતો સાથે શ્રીઅંતરીક્ષજી તીર્થના કેસને અંગે સદ્ગતે આપેલ અમૂલ્ય સલાહ અને તે કેસની પ્રીવીકૌન્સીલની અપીલની સુનાવણી વખતે વિલાયત જઈ ત્યાંના સોલીસીટર અને કૌન્સેલને આપેલ મદદનો ઉલ્લેખ જોવામાં આવે છે.

છઠ્ઠો લેખ ભાઇ રાજપાલ મગનલાલ વોરાનો છે, જેમાં સદ્ગતે તેમના જીવનના અંતસુધી ધાર્મિક લખાણો લખવાની જે તમન્ના રાખેલ તેનો આલેખ કર્યો છે.

આ અંકમાં સદ્ગતના કુટુંબીઓ ઉપર આવેલ દિલાસાના સંદેશાઓ પૈકી થોડા ઉપયોગી જણાતાં તેનો ઉપયોગી ભાગ પણ આપવામાં આવ્યો છે.

સદ્ગતશ્રી મોતીચંદ મારા બાળસ્નેહી હતા. ઉમરે બે ત્રણ વર્ષ નાના પણ સ્કૂલ અને કૉલેજના અભ્યાસમાં લગભગ સાથે જ હતા. પછવાડેથી તેમની સાથે મારી પુત્રીનો વિવાહ થવાથી અંગત સંબંધ વધ્યો હતો. તેઓને અવારનવાર મળવાનો અને મુંબઇમાં હું હોઉં ત્યારે તેમની સાથે રહેવાનો મને ઘણો અવકાશ મળ્યો હતો. સવારે પાંચ વાગ્યાથી રાતના બાર સુધી તેઓ સતત વાંચવા, લખવા અને બીજી પ્રવૃત્તિઓમાં મશગૂલ રહેતા. હમેશાં આનંદી, સંતોષી અને આશાવાદી હતા. પ્રયત્ન કરતાં કાંઈ ન બને તેમ તેઓ માનતા નહિ. તેમના સહવાસમાં રહેવાથી આપણને માનસિક તાઝગી મળતી. શરીરની તાઝગી મેળવવા જેમ આપણે રમ્ય શાંત મહાબળેશ્વર, આબૂજી વિગેરે સ્થળે જઇએ છીએ, અને થોડા વખતમાં ત્યાંના હવાપાણીના પ્રભાવથી નવી તાઝગી મેળવીએ છીએ તેમ સદ્ગતના સહવાસમાં થોડો વખત રહેવાથી માનસિક અને આધ્યાત્મિક તાઝગી પ્રાપ્ત કરવાનો મને અનુભવ થયો છે. તેમના સહવાસમાં રહેવાથી જીવનનું દૃષ્ટિબિંદુ વિશાલ અને ઉદાત્ત બનતું, અને તેમના જેવા સતત વ્યવસાયી ઉચ્ચ જીવન જીવવાની યત્કિંચિત્ અભિલાષા વધતી. હવે તો તે સહવાસ સદા માટે ગયો છે. તેમના છેવટના મંદવાડ દરમ્યાન મુંબઇ જઇ તેમની સાથે થોડા દિવસ રહેવાની ઇચ્છા હતી તે હવે અર્થહીન થયેલ છે. ઘણું દુ:ખ લાગે છે પણ શાસ્ત્રદૃષ્ટિએ વિચારી સાંત્વન લેવાનું છે. શ્રી મોતીચંદ તો એક રીતે ભાગ્યશાલી થયા છે. બોંતેર વર્ષ જેટલી પુખ્ત ઉમરે પહોંચ્યા હતા. પછવાડે લીલી અખંડ વાડી મૂકતા ગયા છે. પુત્રાદિ પરિવાર સુશિક્ષિત છે, એટલે એ દૃષ્ટિએ તો ભાગ્યશાલી ગણાય. મરણ પણ એક સાધુપુરુષ જેવું. કાંઇપણ આકરી ચાકરી માગ્યા વિનાનું, હસતા હસતા અને વાતો કરતાં કરતાં થયેલ છે. સર હરકીસનદાસ હોસ્પીટલની કાર્યવાહીમાં તે એક સભ્ય હતા. જે હોસ્પીટલના ઉત્કર્ષ માટે તેમણે ઘણા વર્ષ સેવા કરી તેજ હોસ્પીટલમાં તેમનું મરણ થયું તે પણ અરસપરસનો ઋણાનુબંધ સૂચવે છે. તેમના જીવન અને મરણમાંથી સાચો બોધ લેવો તે આપણું કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મોતીચંદભાઇ અંગેનો સ્મૃતિ—પટ

પંડિત સુખલાલજી.

આદરણીય શ્રી મોતીચંદભાઇ વિષેનાં મારાં સ્મરણો એવાં નથી કે જે વાચકને તેમના જીવન વિષેનું મારું કોઇ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ જણાવી શકે, તેમ છતાં શ્રી જીવરાજભાઈના આદેશને અનુસરી મારાં જે આછાં કે પાંખા સ્મરણો છે તે સંક્ષેપમાં રજૂ કરવા યોગ્ય ધારું છું.

ઇસ્વીસન ૧૯૦૪ માં કાશી જૈન પાઠશાળા માટે અંગ્રેજી કોઠીનું મકાન ખરીદવાનું હતું, તે અંગે કાંઇક દસ્તાવેજી કામ માટે શેઠ શ્રી વીરચંદ દીપચંદે મોતીભાઇને બનારસ મોકલ્યા; આ વખતે જ સર્વપ્રથમ તેમનું નામ મારી જાણમાં આવ્યું. શ્રીયુત્ કુંવરજીભાઇનું નામ તો જાણતો જ; તેમના આ ભત્રીજા છે ને વકીલાતનો અભ્યાસ કરે છે એટલી જાણથી તેમના પ્રત્યે મન કાંઇક ઢળ્યું, પણ અમે મળ્યા ન હતા. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયા પહેલાં જ પ્રો. યાકોબી ભારતની સાહિત્ય–યાત્રા સમાપ્ત કરી મુંબઇનો કિનારો છોડવાના હતા. તેમના વિદાયમાન વખતે શ્રી મોતીચંદભાઇનું અંગ્રેજીમાં ભાષણ સાંભળ્યું–જો કે હું તે વખતે અંગ્રેજી સમજતો નહીં. આ તેમનો પ્રથમ સ્વર–પરિચય. ડૉ. બાલાભાઇ નાણાવટીના પ્રમુખપદે મળેલ મુંબઇ કોન્ફરન્સ પછી તરત જ હું ભાવનગર ગયો હતો. શ્રીયુત્ કુંવરજીભાઈ સાથે કર્મશાસ્ત્રીય તત્ત્વોની ચર્ચા–વાર્તા કરવાનો ઉદ્દેશ હતો. દાદા સાહેબની બોર્ડીંગમાં કેટલાક મિત્રોએ શ્રી મોતીભાઇને ચા–પાણી માટે આમંત્રેલા. તે વખતે તેમનું ગુજરાતી ભાષણ પ્રથમ જ સાંભળ્યું. રાત્રે શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં નિયમિત રીતે હું શ્રી કુંવરજીભાઇ સાથે બેસતો ને મોડે સુધી જુદી જુદી શાસ્ત્રીય ચર્ચાઓ ચાલતી. એક દિવસે 'વિશેષાવશ્યકભાષ્ય'ની અમુક ચર્ચા પ્રસંગે શ્રી મોતીભાઇને ઉદ્દેશી શ્રી કુંવરજીભાઇએ કહ્યું કે–સાંભળો, આ દાર્શનિક ચર્ચા. તેઓ જો કે બીજા વાચનમાં મગ્ન હતા એમ મને લાગ્યું, છતાં પોતાના કાકા પ્રત્યેના બહુમાનથી કે તત્ત્વચર્ચાના રસથી તેઓ સીધી રીતે મારી સાથે થોડીક વાતચીતમાં ઉતર્યા, પણ મને હજી એમ જ લાગતું કે–અમે બન્ને એક બીજાથી બહુ દૂર છીએ.

લાલબાગના ઉપાશ્રયમાં શ્રી વિજયવલ્લભસૂરિને શ્રી મોતીભાઇ એક સુપ્રસિદ્ધ આચાર્યને ઉદ્દેશી કાંઇક કહેતા હતા તેમાં મેં એક વાક્ય એ સાંભળ્યું કે 'તેઓની શૈલી ઉચ્છેદક છે.' જો કે તે આચાર્યશ્રી તેમના માનીતા હતા, કદાચ કુલગુરુ પણ કહેવાય; છતાં ઉપરના તોળેલ શબ્દ ઉપરથી મને એટલો વિચાર થયો કે, મોતીભાઇનું વલણ વિધાયક લાગે છે. મારા ઉપર પડેલી આ પ્રાથમિક છાપ ત્યાર બાદના પાંત્રીસ વર્ષ જેટલા ગાળાના ઉત્તરોત્તર વધતા જતા પરિચયથી સાચી મને લાગી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાપના થયા પછી તેમની સાથેનો સીધો નહીં તો પારમ્પરિક પરિચય પણ વધતો ચાલ્યો. અલબત્ત, તે પહેલાં તેમનાં કેટલાંક લખાણો મેં સાંભળેલા, જેમાં શ્રી આનન્દઘનનાં પદોના વિવેચનનું પ્રાસ્તાવિક, જૈન દૃષ્ટિએ યોગ, સિદ્ધર્ષિની પ્રસ્તાવના એ મુખ્ય ગણાય. વિદ્યાલયમાં તત્ત્વજ્ઞાન અને ધર્મના અધ્યાપક તરીકે પં. વ્રજલાલજી નિયુક્ત થયા હતા, જે મારા ચિરસાથી અને અંગત મિત્ર પણ હતા. વિદ્યાલયના કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ અને બીજા કેટલાક ઉપર પણ વ્રજલાલજીના અધ્યાપનનો બહુ જ સારો પ્રભાવ પડેલો ને વિદ્યાલયનું તત્ત્વજ્ઞાન–ધર્મનું શિક્ષણ રસપ્રદ પણ બનેલું.

વખત જતાં એ રસ અને શ્રદ્ધામાં ઓટ આવી. શ્રી. મોહનલાલ દેસાઈ જ નહીં પણ મોતીભાઈ સુદ્ધાં મને મળે ત્યારે એક જ વાત કહે કે–હવે વ્રજલાલજી ઠીક કામ કરતા નથી; તમે બીજો કોઇ અધ્યાપક બતાવો. મારે માટે આ સ્થિતિ ધર્મસંકટ જેવી હતી. એક બાજુ ચિરકાલીન અંગત મિત્રની પ્રતિષ્ઠા અને સ્થિતિનો પ્રશ્ન, અને બીજી બાજુ વિદ્યાલયના સાર્વજનિક શૈક્ષણિક હિતાહિતનો પ્રશ્ન. મારી મૂંઝવણ દૂર થઇ નહીં, અને અવાર–નવાર મોતીભાઇ આદિની માગણી પણ મટી નહીં. આમ લગભગ ૬–૭ વર્ષ વીત્યાં હશે, દરમ્યાન કેટલાંક પ્રબળ કારણસર મેં મારું વલણ વિદ્યાલયને પક્ષે જ વાળ્યું, અને સ્પષ્ટ નિર્ણય કરી મિત્ર વ્રજલાલજીને કહી દીધું કે–હવે આ ગાડું આ રીતે લાંબો વખત નહીં ચાલે. તમે કાં તો સૌને પ્રથમની જેમ સંતોષ આપો, નહીં તો છૂટા થાઓ. અન્યથા હું બીજો અધ્યાપક સૂચવીશ. ઘણું કરી ૧૯૩૧ કે ત્યારબાદ થોડા સમયમાં જ પં. દરબારીલાલને લઇ હું મોતીભાઇની ઑફિસમાં ગયો. જરાપણ નનુનચ કર્યા સિવાય મોતીભાઈએ દરબારીલાલજી માટેની મારી માગણી કે શરતો મંજૂર કરીને કહ્યું કે–તમે પગાર છૂટથી માગી શકો. આ સાંભળી મારું મન વિશેષ આકર્ષાયું. અમે તો કહી દીધું કે, આથી વધારે પૈસાની અત્યારે જરૂર નથી. ખરી રીતે મોતીભાઇ પ્રત્યેના ઊંડા આદરનું આ પ્રથમ પગથિયું કહેવાય. પછી તો પં. દરબારીલાલજીના કામથી વિદ્યાલય, વિદ્યાર્થીગણ અને કાર્યકર્તાઓ એ બધા એટલા બધા પ્રસન્ન થયા કે તેથી મારો વિદ્યાલય સાથેનો સંબંધ અજ્ઞાત રીતે જ ગાઢ બની ગયો–ખાસ કરીને ધાર્મિક શિક્ષણના પ્રશ્ન પરત્વે.

મને યાદ છે કે, શ્રી. મોતીભાઇ, શ્રી. મોહનલાલ દેસાઈ અને શ્રી. મોહનલાલ બી. ઝવેરી–એ બધા વિદ્યાલયમાં ચાલતા ધર્મવર્ગ પરત્વે જ્યારે પણ પ્રસંગ આવે ત્યારે મારી સાથે છૂટથી ચર્ચા કરતા અને મારી વાતો ધ્યાનથી સાંભળતા. એક અથવા બીજા કારણે ધાર્મિક અધ્યાપકને બદલવાનો કે રાખવાનો પ્રશ્ન આવે ત્યારે હું જ્યાં હોઉં ત્યાં તેઓ છેવટે પત્ર લખીને પણ પૂછે અને મારા વિચાર જાણવા માગે. મારી દૃષ્ટિ પણ વિદ્યાલયના આ અંગને વધારે પુષ્ટ કરવાની પ્રથમથી જ હતી. એટલે હું પણ એમાં રસ લેતો. દરબારીલાલજી પછી લગભગ એક પછી એક છ–સાત ધાર્મિક અધ્યાપકો બદલાયા અને નિમાયા. લગભગ એ બધાની નીમણૂક વખતે મારા અભિપ્રાયનું મૂલ્ય તેઓ વિશેષ આંકતા એવી છાપ મારા ઉપર હજી પણ છે. તેથી કરીને હું પણ એ વિષેની મારી જવાબદારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગે કદી ખેપરવા રહ્યો નથી એમ મારો અંતરાત્મા કહે છે. આ મિલનતંતુ દ્વારા ધીરે ધીરે મોતીભાઇ સાથે હું વિશેષ પરિચયમાં આવતો ગયો—જો કે વધારે વખત સાથે બેસવાનો કે એવો બીજો કોઇ પ્રસંગ આવ્યો જ ન હતો.

મારી પ્રથમથી જ માન્યતા હતી, અને આજે પણ છે કે, મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાએ માત્ર ધર્મતત્ત્વજ્ઞાનના શિક્ષણથી પોતાની ઇતિકર્તવ્યતા પૂરી થયેલી માનવી ન જોઇએ. હું એ બધા મિત્રોને ભારપૂર્વક કહેતો જ આવતો રહ્યો છું કે, વિદ્યાલયનું કાર્ય ત્રિવિધ હોય, કૉલેજના વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવાનું વાતાવરણ ઊભું કરવું અને તેને રસપ્રદ બનાવવું એ માટે તે ત્રિવિધ કાર્યક્રમ આવશ્યક છે. પહેલું તો એ કે ઓછામાં ઓછું એક સમર્થ પ્રોફેસર અને એક સમર્થ પંડિત એ બેને વિદ્યાલય પૈસાની ખાસ ગણતરી કર્યા વિના રોકે, જેથી મુંબઇ શહેરની કોઈ પણ કૉલેજના વિદ્યાર્થીને અગર ત્યાંના નિવાસી કોઈ પણ પ્રોફેસરને જૈન પરંપરા વિષે કાંઇ પણ જાણવું હોય તો વિદ્યાલય એક જ્ઞાનપ્રપારૂપ બને અને વિદ્યાજગતમાં એવી માન્યતા બંધાય કે, જૈન પરંપરાને લગતા પ્રામાણિક અને વ્યાપક અભ્યાસ માટે મહાવીર જૈન વિદ્યાલય એ મુખ્ય ધામ છે. બીજું કામ સાહિત્ય-સંપાદનનું, જે પ્રોફેસર અને પંડિત નિયુક્ત થાય તે અનુકૂલતા પ્રમાણે જૈન સાહિત્યનું આધુનિક દૃષ્ટિએ સંપાદન કરે અને તે તે વિષય પરત્વે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં યથાસંભવ પ્રસ્તાવના આદિ પણ લખે એ દૃષ્ટિએ કે કોઇ પણ યુનીવર્સીટી કે કોઇ પણ કૉલેજના પાઠ્યક્રમમાં તે સંપાદનો ઉપયોગી થઇ શકે. જેવી રીતે જર્મન અને અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોએ કરેલાં ભારતીય સંપાદનો પ્રતિષ્ઠા પામ્યાં છે તેથી પણ વધારે સારી રીતે આ દિશામાં વિદ્યાલય કામ કરવાની ગોઠવણ કરે. ત્રીજું કામ, મારી દૃષ્ટિએ એ છે કે, વિશિષ્ટ વિશિષ્ટ ગ્રંથોના પ્રમાણભૂત અને સંશોધનાત્મક ભાષાંતરો કરાવી વિદ્યાલય પ્રસિદ્ધ કરે.

હું શ્રી મોતીભાઇને ઘણીવાર આવેશમાં એમ પણ કહેતો કે—તમે તો કાંઈ કરતા જ નથી; માત્ર ધાર્મિક લોકોનાં મન રીઝવવા ને પૈસા મેળવવા ધર્મવર્ગ ચલાવો છો એટલું જ. છતાં તેઓ કદી મારા પ્રત્યે તપ્યા નહીં; મીઠાશથી ઘટતો જવાબ વાળતા, અને હસતાં હસતાં કયારેક એમ પણ કહેતા કે—તમે વિદ્યાલયમાં આવો તો બધું અમે કરીશું, ઇત્યાદિ.

૧૯૪૩ના અન્તમાં મેં તેમને લખેલું યાદ છે કે હવે હું કાશી છોડવાનો છું; મુંબઇ તો આવવાનો છું જ. કોન્ફરન્સ કે વિદ્યાલય જેવી સંસ્થાઓ મારા વિષય પરત્વે મારો ઉપયોગ કરી શકે, ઇત્યાદિ. પણ આવા મતલબનું લખ્યું તે પહેલાં એક પ્રસંગ અતિ મધુર બની ગયો ને આજે પણ તેની ખુમારી તાજી છે. હું કાશીથી મુંબઇ આવેલો. મારી સાથે શ્રી નથમલજી ટાંટીયા એમ. એ.—કે જે હમણાં જૈન તત્ત્વજ્ઞાન લઇ ડી. લીટ. થયા છે. તે—હતા. અમે બન્ને વર્લી ઉપર આવેલ ભારતીય વિદ્યાભવનના મકાનમાં ઊતરવાના હતા. મેં પ્રથમથી જ આની સૂચના શ્રી મોતીભાઇને આપેલી. અમે વર્લીમાં રાત્રે લગભગ દસેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાગે સૂવાની તૈયારીમાં હતા ત્યાં તો શ્રી મોતીભાઈ આવી ચડ્યા. આટલે બધે દૂર, આટલું મોડે, અત્યારે કેમ? સવારે મળત,–એમ પૂછ્યું; ત્યારે તેમણે કહ્યું કે–હું અત્યારે જ તમને લેવા આવ્યો છું. નીકળેલો તો બે કલાક પહેલાં, પણ વચ્ચે કયાંય ગાડી કે વાહનનો યોગ મળ્યો નહીં એટલે રખડપટ્ટીમાં મોડું થયું. અમે ઘણું કરી સવારે જવાની વાત કહીને તેમને વિદાય તો કર્યા. પણ મારાં મન ઉપર એક ચિરસ્મરણીય છાપ એ રહી ગઈ કે શ્રી મોતીભાઇને જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને ધર્મ વિષેની જે લગની છે તે ઉપર ઉપરની નથી. તેમના પ્રત્યે મારું વલણ વધારે આદરશીલ બન્યું.

અમે જ્યારે તેમને ઘેર ગયા ત્યારે તેમણે જે સત્કાર કર્યો એ પણ સૌરાષ્ટ્રને અનુરૂપ જ હતો. તેમના ઘેર અને તેમની સાથે રહેવાનો મારે માટે આ પહેલો જ પ્રસંગ. શ્રી. નથમલજીના વાંચન અને દૃષ્ટિકોણથી તો તેઓ એટલા બધા મુગ્ધ થયા કે તેમને ગમે તે રીતે વિદ્યાલયમાં લાવવા તેઓ અભિમુખ બન્યા. અને જ્યારે શ્રી નથમલજીએ આવવાની અશક્તિ દર્શાવી ત્યારે જ ન્યાયાચાર્ય પં. મહેન્દ્રકુમારને તેમણે નીમ્યા.

હું પણ નિવૃત્ત થઈ પ્રથમ મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં આચાર્યશ્રી જિનવિજયજી સાથે રહેતો હતો. શ્રી મોતીભાઈએ ભારપૂર્વક મને કહ્યું કે–વિદ્યાલય પ્રતિમાસ બારસો જેટલા રૂપિયા તો ખર્ચી જ શકશે. એટલે તમે તમારી ધારણા મુજબની એક યોજના તૈયાર કરો, જેને હું કમીટી સમક્ષ મૂકું. મેં એવી યોજના તૈયાર કરી ને તેમણે મારી હાજરીમાં જ કમીટી સમક્ષ મંજૂર કરાવી. ઘણું ખરૂં આ બધા પ્રસંગોએ હું શ્રીયુત પરમાનંદભાઈને મળતો, તેમની સલાહ લેતો. મારી પહેલેથી જ એ દૃઢ પ્રતીતિ ચાલી આવે છે કે–શ્રી પરમાનંદભાઈનું દૃષ્ટિબિંદુ જેટલું ચોખ્ખું અને વિશાળ છે તેટલું મુંબઇમાંનાં બીજા જૈનોનું ભાગ્યે જ હશે.

એ યોજના મંજૂર થઇ ત્યારે પણ શ્રી મોતીભાઈએ તો મને એ જ કહ્યું કે–હવે તમે વિદ્યાભુવનમાં નહીં પણ વિદ્યાલયમાં રહો. મારો જવાબ હમેશનો એ જ રહ્યો છે કે–હું દૂર રહ્યાં જે કરીશ તે ઠીક હશે. મને આવવા જેવું લાગશે ત્યારે વગરકહ્યે પણ હું વિદ્યાલયમાં બેસીશ. અસ્તુ. એ યોજના મંજૂર તો થઇ, પણ એક અથવા બીજે કારણે એને અમલમાં લાવવાનું કામ રહી જ ગયું છે. હું નથી જાણતો કે અત્યારે વિદ્યાલયમાં રસ ધરાવનાર અને શ્રી મોતીભાઇના દૃષ્ટિબિંદુને બરાબર સમજનાર તેમજ તેને સ્થિર કરવા ઇચ્છનાર કોઈ હવે એ યોજના અથવા એવી બીજી કોઇ યોજનાને સક્રિય કરવા વિચારતો હશે કે નહીં. પણ હું એટલું તો ઇચ્છું અને કહી શકી છું કે–શ્રી મોતીભાઇની વિદ્યાલય પ્રત્યેની નિષ્ઠા, અને ધર્મ-સાહિત્યની પ્રીતિને કાયમ કરવા તેમજ જૈન સમાજનું ધાર્મિક દૃષ્ટિબિંદુ ઉન્નત કરવા માટે આવી સંસ્થા દ્વારા એવું કામ ચાલવું જ જોઇએ એવી ભાવના જરૂરી છે.

શ્રી મોતીભાઇનાં વ્યાખ્યાનો જુદે જુદે પ્રસંગે થોડાંક સાંભળેલાં—ખાસ કરી પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે તો તેમનું નિયત વ્યાખ્યાન સાંભળવા મળતું. તેઓનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાખ્યાન સાવ સાદું રહેતું; એમાં વાગ્મિતાની છાપ ન રહેતી. પણ એમના માહિતીપૂર્ણ કેટલાંક લખાણોને લીધે મારા મન ઉપર તેમના પ્રત્યેના વિશિષ્ટ આદરની છાપ પડી છે. આટલા બધા વ્યવસાયો અને વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે તેઓ કેટકેટલું વાંચે અને લખે છે તે મને હમેશાં હેરત પમાડતું. એમના મકાને ક્યારેક જતો તો જાણ થતી કે તેઓ કેટકેટલાં પુસ્તકો સંઘરે અને વાંચે છે. સાંજે મરીનડ્રાઇવ ઉપર ફરવા જતો હોઉં ને કોટમાંથી પાછા ફરતાં મળે તો હસીને કાંઇ ને કાંઇ વાત કરે, અને કહે કે આટલું ચાલીને આવું છું તેથી વ્યાયામ પણ મળી રહે છે ને વિચારો કરવાની તક પણ મળે છે. તેમની ટીકા પણ મેં તેમની સામે કેટલીક વાર કરી હશે. પણ મને યાદ છે કે મેં તેમનો રોષ જોયો નથી. એક વાર હું હોસ્પીટલમાં હતો. ઑપરેશન થયેલું. મને વ્યથામાં જોઇ એક દિવસે તેમણે કહ્યું કે—અત્યારે જ સમાધિનો સમય છે. જ્યારે તેઓ પક્ષાઘાતથી પીડાયેલા ને કાંઇક સ્વસ્થ થયા ત્યારે હું તેમને મળવા ગયો. મેં વળી મારી ઢબે એ જ સમાધિની અને સમાધિમરણની વાત કાઢી કે હવે તમારો પરીક્ષાસમય છે.

આજે જ્યારે તેમનાં વિષેનાં મારાં આછાં અને પાંખા સ્મરણો આળેખું છું ત્યારે તેમની મધુર હાસ્યમૂર્તિ અને મારા પ્રત્યેનો તેમનો નિખાલસ વ્યવહાર તેમજ તેમની અનેક ક્ષેત્રોમાં કામ કરવાની હોંશ અને તાલાવેલી એ બધું માનસ પટ—ઉપર અંકિત થાય છે.

કૉન્ફરન્સની ઑફિસમાં કેટલાંક કામસર જવું પડતું અને ત્યાં મીટીંગ હોય તો હાજર પણ રહેતો. એમાં જે જે કામનો સંબંધ શ્રી મોતીચંદભાઇ સાથે આવતો તેમાંથી એકે કામને તેમણે ટાળ્યું હોય કે બેદરકારી બતાવી હોય એમ મને યાદ નથી. ઘણાં વર્ષ અગાઉ તેમનાં વિષે જે મારો અભિપ્રાય બંધાયેલો કે **તેઓ વિધાયક પ્રકૃતિના છે તે જ તેમના જીવનમાંથી જોવા પામ્યો છું.**

## સમાજને અનેક મોતીચંદો જોઇએ છીએ.

મ્યુનિસિપાલીટીમાં રહીને તેમણે શહેરની સુંદર સેવા બજાવી હતી. કુટુંબના વડીલ તરીકે તેમણે ઉમદા કુટુંબસેવા કરી હતી. રાષ્ટ્રના નાગરિક તરીકે તેમણે રાષ્ટ્ર આઝાદીની લડતમાં ઝૂકાવી રાષ્ટ્રની સેવા બજાવી હતી અને એક જૈન તરીકે તેમણે જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કરી તેનું બરાબર આચરણ કરી બતાવ્યું હતું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય કે જેના તેઓ જનક હતા તે ઉત્તરોત્તર પ્રગતિ પામે અને વિદ્યાલયમાંથી અનેક મોતીચંદો બહાર પડે એમ ઇચ્છું છું.

—બાળાસાહેબ ખેર
પંત પ્રધાન, મુંબઇ રાજ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસારક સભાના મોતીભાઈ

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા**

**શ્રી** જૈનધર્મ પ્રકાશ માટે સ્વ. મોતીભાઇ વિષે લખવું એટલે નજીકના સ્વજન સમુદાય આગળ સૌ કોઇના પ્રેમ અને આદરને પાત્ર બનેલા એવા એક સદ્‌ગત વડિલ બંધુની ગુણગાથા ગાવા બરોબર લાગે છે. આમ હોવાથી આપણે બધા તેમને જે નામથી સંબોધતા હતા, તે સર્વને સુપરિચિત એવા–'મોતીભાઇ'ના નામથી તેમનો ઉલ્લેખ કરવો મને વધારે ઉચિત અને સ્વાભાવિક લાગે છે.

મોતીભાઇ આમ તો અનેક સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે સંકળાયલા હતા પણ સૌથી વધારે ગાઢ સંબંધ તેમનો ત્રણ સંસ્થાઓ સાથે હતો (૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેનું નિર્માણ તેમના પોતાના હાથે આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં થયું હતું, અને જેના આજ સુધીના ઘડતરમાં તેમનો સૌથી વધારે મહત્વનો ફાળો હતો. (૨) શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ. આ સંસ્થાનો ઉદ્‌ભવ થયાને લગભગ ૫૦ વર્ષ થવા આવ્યા છે અને આ સંસ્થાનું બીજું અધિવેશન મુંબઇમાં કેટલાંયે વર્ષો પહેલાં થએલું ત્યારથી તેની કાર્યવાહી સાથે તેઓ ગાઢપણે સંકળાયલા હતા અને તેના ઉત્કર્ષ અને અપકર્ષ સાથે તેમણે પોતાના જાહેર જીવનની સર્વ પ્રતિષ્ઠાને હોડમાં મૂકી હતી. (૩) શ્રી જૈનધર્મ પ્રસારક સભા. આ સંસ્થાનો ઉદ્‌ભવ લગભગ તેમના જન્મ સાથે થયો હતો. આ સંસ્થા તરફથી આજથી ૬૭ વર્ષ પહેલાં '**શ્રી જૈનધર્મ પ્રકાશ**' નામના આ માસિકની શરૂઆત કરવામાં આવી હતી. તેમના લેખનકાર્યના પ્રાથમિક પ્રયાસો આ માસિકમાં જ પ્રગટ થવા શરૂ થયા હતા અને આજ સુધી પણ તે માસિક માટે તેઓ 'મૌક્તિક'ના ઉપનામથી એક-સરખું નિયમિત રીતે લખતા રહ્યા હતા. આ ઉપરાંત શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ જ તેમના લખેલાં લગભગ સર્વ પુસ્તકો પ્રગટ કર્યાં છે. આ રીતે શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી જૈનધર્મ પ્રકાશ સાથે ઉપર જણાવેલ બે સંસ્થાઓ કરતાં પણ મોતીભાઇનો સંબંધ વધારે જૂનો હતો, એટલું જ નહિ પણ જ્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સને મોતીભાઇએ ઘણી સેવાઓ આપી છે ત્યારે શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને જૈનધર્મ પ્રકાશે વિપુલ સાહિત્યના એક નિર્માતા તરીકેના તેમના ઘડતરમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. અને ઉભયનો સંબંધ પરસ્પર ઉપકારક થયો છે. જ્યારે અન્ય બે સંસ્થાઓ તેમના ઉજ્જવળ કર્મયોગનો ઇતિહાસ રજૂ કરે છે ત્યારે આ સભા અને તેના માસિક સાથે તેમના સમગ્ર જ્ઞાનયોગનો ઇતિહાસ સંકલિત થયો છે. અન્ય બે સંસ્થામાં તેમનું સ્થાન એક આગેવાન કાર્યકર્તાનું હતું, જ્યારે આ સંસ્થામાં તેમનું સ્થાન એક સ્વજનનું હતું. મોતીભાઇનો સતત નિવાસ મુંબઇમાં હોઇને શ્રી જૈન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ પ્રસારક સભાને તેઓ બહુ મોટી સેવાનો લાભ આપી શકયા નહોતા એમ છતાં પણ એ સભા વિષે તેમના દિલમાં અપાર મમતા હતી. આ રીતે મોતીભાઇના સ્વર્ગવાસ સાથે શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ એક ચિરકાલીન મિત્ર અને સ્વજન ગુમાવેલ છે અને શ્રી જૈનધર્મ પ્રકાશે એક અગત્યનો લેખક ગુમાવેલ છે.

× × ×

મોતીભાઈ વિષે આજે ઘણું લખાયું છે, ઘણું બોલાયું છે. તેમાં શું ઉમેરવું તેની મને સૂઝ પડતી નથી. આમ છતાં પણ તેમનો લેખન, અભ્યાસ અને તેમની જીવનભરની ચિન્તનપ્રવૃત્તિ અને તેમના જીવનના પાછલાં અઢી વર્ષ કે જ્યારે તેમને જાહેર જીવનની સર્વ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થવાની ફરજ પડી, તે અઢી વર્ષનું તેમનું જીવન આ બે વચ્ચે એક સૂચક સાંકળ મારા જોવામાં આવી હતી તેનો અહિં કાંઇક ખ્યાલ આપું તો તેમાં પુનરુકિતનું જોખમ નહિ રહે એમ હું ધારું છું.

તેમના લખાણો મોટા ભાગે અધ્યાત્મને લગતાં હતાં અને વૈરાગ્યની ભાવનાને સતત પોષનારાં હતાં. જૈનધર્મના ગ્રંથ સાહિત્યનું તેમણે ઊંડું અવગાહન કર્યું હતું. યોગ, નયવાદ સ્યાદ્વાદ આદિ વિષયોની ચર્ચામાં તેમને ખૂબ રસ પડતો. વૈરાગ્યના પદો ઉપર લાંબાં લાંબાં વિવેચનો લખતાં તેઓ કદિ થાકતા નહિં. જૈનધર્મ વિષે તેમને ઊંડી શ્રદ્ધા હતી. આને અંગે અન્ય દર્શનો તેમજ પશ્ચિમના તત્ત્વજ્ઞાનનો પણ તેઓ સારો પરિચય ધરાવતા હતા. સંસારની અસારતા, ત્યાગનું માહાત્મ્ય, વૈરાગ્ય ભાવનાની ઉપયોગિતા, મારા તારાની મિથ્યા ભ્રમણા, પરિગ્રહ વિસ્તારની નિઃસારતા, મોક્ષપ્રાપ્તિની ઇષ્ટિતા—આ જ વિચારોનું તેમના લખાણમાં સતત રટણ અને પુનરાવર્તન જોવા મળે છે.

બીજી બાજુએ તેઓ ગૃહસ્થાશ્રમી હતા; પોતાના સોલિસીટરના ધંધામાં ઓતપ્રોત હતાં; માનવીસુલભ અનેક મહત્ત્વાકાંક્ષાઓ તેમને પણ વરેલી હતી; સુખી સંસાર અને સારો પુત્રપરિવાર હતો; જાહેર જીવનમાં તેઓ ખૂબ રચ્યાપચ્યા રહેતા હતા; સામાજિક દૃષ્ટિએ મહત્ત્વના લેખાતા અધિકારો અને સ્થાનો પ્રાપ્ત કરવાની તેઓ એષણા ધરાવતા હતા અને આ દિશાએ સફળતા પણ તેમને સારા પ્રમાણમાં મળી હતી. જીવન પૂરા રસથી તેઓ જીવતા હતા અને સતત પ્રવૃત્તિથી ભરેલ તેમની ચાલુ દિનચર્યા હતી. અલબત્ત, તેમનું જીવન ચોક્કસ પ્રકારની ધાર્મિકતાથી સુઅંકિત હતું. હંમેશા તેઓ નિયમિત રીતે સામાયિક તથા પૂજન કરતાં, પર્વતિથિના દિવસોએ વ્રત–નિયમો કરતા; અવારનવાર તીર્થ-યાત્રાએ જતા. કંઇ વર્ષોથી દર મહિનાની શુદ ૫ ના રોજ ઉપવાસ તથા જ્ઞાન આરાધના કરતા. આમ છતાં તેમનું ચાલુ જીવન વૈરાગ્ય, ત્યાગ અને નિવૃત્તિની ભાવના ઉપર રચાયલું હતું એમ આપણે ન કહી શકીએ. આ રીતે વિચારીએ તો તેમના લેખન અને જીવન વચ્ચે પૂરો સંવાદ હતો કે કેમ એવો પ્રશ્ન આપણી સામે ઉપસ્થિત થાય છે.

પણ આવો પ્રશ્ન કોઇ પણ જાગૃત માનવીની જીવનચર્યા પરત્વે ઊભો થયા વિના રહેતો નથી, કારણ કે તેનું જીવન બે પ્રકારની પરસ્પર વિરોધી વૃત્તિઓનું બનેલું હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક છે આત્માનુગામી, બીજું છે સંસારાનુગામી. તેનું ચિન્તન તેને આત્મા તરફ લઇ જાય છે, આસપાસની દુનિયાનું દર્શન અને તેમાંથી પ્રાપ્ત થતી વ્યવહાર દૃષ્ટિ તેને સંસાર-વૃદ્ધિ તરફ ધકેલે છે. જીવન જીવવું છે અને ઊંચે ઊડવું છે, સંસારમાં પ્રતિષ્ઠા મેળવવી છે અને જીવનના રહસ્યને ઉકેલવું છે. સૌ કોઇના જીવનમાં આ દ્વંદ્વ ચાલે છે પણ આખરે કઇ વૃત્તિનું સ્વામિત્વ પ્રવર્તે છે તે ઉપરથી તેના સમગ્ર જીવનનું મૂલ્યાંકન થઇ શકે છે. મોતીભાઇમાં અધ્યાત્મ ચિન્તનની, સમભાવની, વૈરાગ્યની જડ ખરેખર વધારે ઊંડી હતી એ હકીકતની તેમણે પાછળથી અઢી વર્ષમાં જે પ્રકારનું જીવન જીવી બતાવ્યું તે ઉપરથી સચોટ પ્રતીતિ થાય છે.

૬૯ વર્ષની ઉમ્મર સુધી તેમનું જીવન એકસરખું વહે જતું હતું. એવામાં ૧૯૪૮ ની ઑગસ્ટ માસમાં તેમને લકવાનો હુમલો થયો અને તે હુમલો તો તરત વળી ગયો પણ ત્યારબાદ બહુ ગંભીર માંદગી આવી અને એમાંથી ભાગ્યયોગે તેઓ બચ્યા. બાહ્ય દૃષ્ટિએ તેઓ સ્વસ્થ જેવા દેખાયા, પણ એ માંદગી તેમની બુદ્ધિની ચમક, મગજની ચાતુરી અને શરીરનું કૌવત આ બધું જાણે કે હરણ કરી ગઇ. માંદગી પછીના મોતીભાઇ એ આગળના મોતીભાઇ જ ન રહ્યા. આગળ તો જ્યારે જ્યારે મળતા ત્યારે ત્યારે અમે અનેક બાબતોની ચર્ચા કરતા અને ખૂબ વિનોદ ચાલતો અને કદિ કદિ અથડાતા પણ ખરા. હવે એ વિનોદ ગયો, ચર્ચા જ ન હોય ત્યાં અથડામણને તો અવકાશ જ કયાંથી હોય ?

ઔપચારિક પ્રશ્નોત્તરોથી ભાગ્યે જ વાર્તાલાપ આગળ ચાલતો. વર્તમાન સાથેનું તાલબદ્ધ જીવન તૂટવા લાગ્યું અને ભૂતકાળ તરફ તેઓ સરકી રહ્યા. આ જોઇને મને ભારે ગ્લાનિ થતી. પેલાની ચમક કયાં ગઇ ? પેલાની ચેતના કયાં ગઇ ? તેમની સાથે વિચાર-વિનિમયનો જાણે કે હવે કોઇ અવકાશ રહ્યો ન હોય એમ લાગતું અને ચિત્ત ઊંડી વ્યથા અનુભવતું, પણ બીજી બાજુએ તેમનામાં થયેલું આધ્યાત્મિક પરિવર્તન પણ એટલું જ ધ્યાન ખેંચે તેવું હતું. સંસાર વિષેનો તેમનો બધો રસ ઊડી ગયો હતો. આસક્તિના સર્વ બંધો છિન્નભિન્ન થઇ ચૂકયા હતા. ધંધો, જાહેર જીવન, એ બધું બંધ થવા છતાં તેનો તેમને લેશ માત્ર વિષાદ નહોતો. જ્યારે મળીએ ત્યારે તેઓ એક સરખા પ્રસન્ન જ દેખાય. મૃત્યુનો તો સર્વ ભય તેમને છોડી ગયો હતો. તેઓ અવારનવાર કહેતા કે " મારે કરવાનું બધું કરી લીધું છે, અને જ્યારે પણ તેડું આવે ત્યારે હું તૈયારે બેઠો છું. સીત્તેર વર્ષ ઉપર હવે જે જીવું છું તે લાભે લેખા છે. સમન્સ તો નીકળી ચૂકયા છે, પણ ઠેકાણામાં કાંઇક ભૂલ થઇ હશે એટલે બજાવણી થતાં વાર લાગી છે. " મોટી માંદગી પછી શરીરે અવારનવાર કાંઇ ને કાંઇ ઉપાધિ ઊભી થયા કરતી. આજથી પાંચેક મહિના પહેલાં વળી પાછો ઉથલો આવેલો, અને તેમને પંદરેક દિવસ હોસ્પીટલમાં રાખવા પડેલા. લોહીની ચાલુ ઉલટી થાય, ઝાડા થાય, સતત ઉધરસ આવે, છાતીમાં મુંઝવણ થાય પણ મોઢું લેશ માત્ર ન બગડે. પાછળના મહીનાઓ દરમિયાન હૃદયરોગના અવારનવાર હુમલાઓ આવતા પણ હાયવોય કે હવે શું થશે ? એવો નાનો સરખો પણ દુઃખનો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અકળામણનો તેમણે કદિ ઉદ્દગાર સરખો કાઢયો નથી. છેલ્લા અઢી વર્ષમાં બીજું બધું છૂટી ગયું હતું. માત્ર એક જ અભ્યાસ જીવતો રહ્યો હતો અને તે લેખનપ્રવૃત્તિનો. જ્યારે પણ જઇએ ત્યારે "આજે આટલું લખ્યું છે, પ્રશમરતિ પૂરું કર્યું, આનંદઘનના બાકીના પદો અને ચોવીશી ઉપરના વિવેચનો પણ લખી નાખ્યા. હવે મહાવીરસ્વામીનું ચરિત્ર શરૂ કર્યું છે. પચ્ચીસ ભાગની મેં યોજના કરી છે. પૂર્વભવની કથા પૂરી થઇ છે. યોજના પ્રમાણે પૂરું થશે કે એ તો કોણ જાણે? મારા શરીરની આવી સ્થિતિ કોઇ જુએ અને મારી આવી વાતો સાંભળે તો મને ગાંડો જ ગણે, પણ આપણે તો જેટલું લખાયું તેટલું લખી નાંખવું છે. મરણ તો આજેય આવે અને બે પાંચ વરસ નીકળી પણ જાય." આવી આવી વાતો તેઓ કરતા. આ સિવાય તેમનામાં બીજો કોઇ અભ્યાસ કે આસક્તિ રહી નહોતી.

આવું તેમનું છેલ્લા અઢી વર્ષનું જીવન હતું. કેવળ બાળક જેવું નિર્દોષ, અમુક રીતે યાંત્રિક અને એમ છતાં પણ પૂર્વ જીવનના બધા રાગ દ્વેષ, શમી ગયા હોય, મોહ મમતા ગળી ગયેલ હોય, લોલુપતા માત્ર લુપ્ત થઇ ગઇ હોય એવું સ્થિતપ્રજ્ઞ જેવું, એકાન્ત પ્રસન્ન અને સમધુર તેમનું જીવન બની ગયું હતું. ખાવા-પીવામાં પણ જે આપો તે ખાય, જે પાઓ તે પીએ. ડાકટર કહે તે કરીમાં જરા પણ ફેરફાર ન કરે. કોઇને પણ બનતાં સુધી તકલીફ ન આપવી એ હેતુથી શારીરિક યાતનાની બને ત્યાં સુધી અન્યને ખબર પડવા નહોતા દેતા. કોઇએ ઓછી સેવા કરી કે ન કરી તેનો તેમને કશો અસંતોષ નહોતો. સૌ પ્રત્યે એક સરખી માયા અને મીઠી નજર હતી. આ બધું જોતાં મને સહજ એ પ્રશ્ન થતો કે-આટલું બધું પ્રસન્ન, ક્ષોભહીન, સમભાવથી ભરેલું એવું જીવન તેમને શી રીતે લાધ્યું? પહેલાં દેખાતો વિસંવાદ આજે કયાં ગયો? મને સહજપણે ભાસ્યું કે આ તેમની લાંબા કાળની આત્મસાધનાનું પરિણામ હતું. આવું જીવન-પરિવર્તન પુરવાર કરે છે કે-તેમની આત્માભિમુખ વૃત્તિ ખરેખર ઊંડી અને સંગીન હતી અને જીવનને વૈરાગ્યથી રંગવાનો પ્રયત્ન પણ સાચા દિલનો હતો. પરિણામે પૂર્વ જીવનમાં દેખાતો વિસંવાદ પાછળના વર્ષોમાં સર્વથા લય પામ્યો હતો અને ઉત્કૃષ્ટ પ્રકારની સાધુતા ઉત્તરાવસ્થામાં તેઓ પ્રગટાવી શકયા હતા.

હજુ તેમના અવસાનના આગલે દિવસે સાંજે હું હૉસ્પીટલમાં તેમને મળવા ગયેલો. અન્ય કુટુંબીજનો પણ ત્યાં એકઠા થઇ ગયા હતા. તેમની સાથે જીવનની તેટલી જ મરણની વાતો અમે સરળતાથી કરી શકતા હતા. પરસ્પર રમૂજી વાર્તાલાપ ચાલતો હતો. વાત-વાતમાં મેં પૂછ્યું કે "ભાઇ, એક ખંડના સીમાડે ઉભેલા માણસને બીજા ખંડના પ્રદેશોની જેમ ઝાંખી થાય છે તેમ તમને મૃત્યુથી આગળના પ્રદેશની ઝાંખી થાય છે ખરી?" તેના જવાબમાં તેમણે કહેલું કે "એવું તો કશું દેખાતું નથી, પણ સદ્દગતિ તો થશે જ એમ મન કહે છે." વળી કેવું મૃત્યુ સારું લેખાય એ વિષયની વાત નીકળતા તેમણે કહેલું કે "ટપ પડયો અને ટપ મર્યો એવું મૃત્યુ આવે તો બહુ સારું, કે જેથી કોઇને જરા પણ તકલીફ આપવાની નહિ. પણ મૃત્યુ કાંઇ ઓછું જ આપણી ઇચ્છા મુજબ આવે છે?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે મેં જણાવેલું કે "તમે માનો કે ન માનો, પણ તમને હાલ જે શારીરિક ઉપાધિ છે તે જોતાં તમારા નસીબે તો ગમે ત્યારે પણ આવું જ મૃત્યુ છે એમ હું ચોક્કસ કહું છું." આમ જ્યારે મીઠો વાર્તાલાપ ચાલતો હતો ત્યારે અમને ઓછું જ ભાન હતું કે બીજા બાર કે ચૌદ કલાકમાં તેઓ ખરેખર આ જ રીતે આપણી વચ્ચેથી હંમેશાને માટે વિદાય થવાના છે? તે રાત્રિના ખૂબ સ્વસ્થતાથી લગભગ દશ કલાક સુતેલા. તેમનો સૌથી નાનો દીકરો સવારે તેમની પાસેથી ઘર તરફ ગયો. સાતેક વાગ્યે તેઓ ઉઠ્યા, મોઢું સાફ કર્યું, હાથે હજામત કરી અને બેઠા બેઠા નખ સાફ કરી રહ્યા હતા અને બાજુએ માણસ બેડને માખણ લગાડી રહ્યો હતો એવામાં તેમનું શરીર નીચું નમવા લાગ્યું. માણસે તેમને પકડ્યા અને તેના હાથમાં જ એકાએક તેમણે આંખ ફેરવી નાંખી અને તે શરીરમાં રહેલું પ્રાણ-પંખેરું ઊડી ગયું.

આવી રીતે આપણામાંના જ એક સાથી, મિત્ર, સલાહકાર અને માર્ગદર્શક મહાનુભાવને આપણે ગુમાવ્યા અને આપણા સમાજને જલ્દી ન પુરાય એવા એક ધર્મનિષ્ઠ સેવકની ખોટ પડી ગઇ.

## વિદ્યાલય : : જીવતું સ્મારક.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ શ્રી. મોતીચંદભાઇનું જીવતું જાગતું સ્મારક છે. આપણાં સમાજને અને રાષ્ટ્રને શ્રી. મોતીચંદભાઈ જેવા નિઃસ્વાર્થી તથા નિઃસ્પૃહી નેતાઓની જરૂર છે.

**શ્રી એસ. કે. પાટીલ**
નગરપતિ—મુંબઇ.

આજે જ્યારે ઉચ્ચ કેળવણી મોંઘી બની ગઇ છે ત્યારે શ્રી. મોતીચંદભાઇની આ સંસ્થા જૈન વિદ્યાર્થીઓને લોન, સ્કોલરશીપ તેમજ બીજી સગવડો આપે છે એ અત્યંત આવકારદાયક છે.

**ન્યાયમૂર્તિ શ્રી ભગવતી,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનોએ ગુમાવેલું અમૂલ્ય રત્ન

શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ

જૈન કોમે, જૈન ધર્મે, જૈન સાહિત્યે શ્રીયુત મોતીચંદભાઈના સ્વર્ગવાસથી એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. શ્રી મોતીચંદભાઇની ખોટ જૈનોને છે એમ નથી, રાષ્ટ્રે પણ શ્રીયુત મોતીચંદભાઇના જવાથી એક સાચો સેવક ગુમાવ્યો છે. ગુજરાતી સાહિત્યને પણ એક વિદ્વાન વક્તા અને ચુનંદા લેખકની ખોટ પડી છે.

જૈનોની આદર્શ અને સુવ્યવસ્થિત સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય શ્રીયુત મોતીચંદભાઇના ભગીરથ પ્રયત્નનું પરિણામ છે. રાત-દિવસ વિદ્યાલયના ઉત્કર્ષ માટે શ્રીયુતે ઉજાગરા કર્યાં છે. માન અપમાનની પરવા કર્યા વિના વિદ્યાલય માટે ભીખની ઝોળી ભરવા ઘેરઘેર ભટકયા છે, અને જ્યાં જ્યાં ગયા છે ત્યાંથી સારી રકમ એકત્ર કરી વિદ્યાલયને આર્થિક ચિંતામાંથી મુક્ત કરી છે.

સોલિસીટરના જંજાળી ધંધામાંથી વખત ફાજલ પાડી સમાજના ચરણે સેવા અર્પવામાં શ્રીયુત મોતીચંદભાઇએ પાછી પાની કરી નથી.

મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આંટીઘુંટીના પ્રશ્નો પ્રસંગે તેઓશ્રીએ અનોખી ભાત પાડી છે અને નાનામોટા ગમે તેવા પ્રસંગે સેવાનું શસ્ત્ર સજવામાં મોખરે રહ્યા છે.

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા, ઘોઘારી મંડળ અને બીજી અનેક જૈન-જૈનેતર સંસ્થાઓની સભામાં હાજરી આપવા તેઓ કદી ચૂકયા નથી.

સ્વ. શ્રીયુત કુંવરજીભાઈના કુટુંબમાં જન્મી, તેઓશ્રીના હાથ નીચે તાલીમ મેળવી, એક આદર્શ જૈન તરીકે અસ્ખલિત નામના મેળવી જૈન સમાજમાં સેવાની સુવાસ ફેલાવવામાં અંતઘડી સુધી મચ્યા રહ્યા છે.

તેઓશ્રીની સાથે મારો સંબંધ છેલ્લા ચાલીશ વર્ષનો હતો. આ આખી મુદત દરમ્યાન તેઓશ્રીના તરફ માન જ નહિ પરંતુ પૂજયભાવ ઉત્પન્ન થાય તેવી તેઓશ્રીની રહેણીકરણી હતી.

જૈન કોન્ફરન્સદ્વારા પણ ઘણો લાંબો વખત સુધી સમાજના અટપટા પ્રશ્નોનો કોઈ પણ પાર્ટીને અન્યાય કર્યા વિના બહુ જ કુશળતા અને બુદ્ધિપૂર્વક નીકાલ કર્યો છે, અને કોમનું ગૌરવ કેમ જળવાઈ રહે તેનો જ તેઓશ્રીએ વિચાર કર્યો છે.

ઉપમિતિ ભવપ્રપંચ-કથા, અધ્યાત્મકલ્પદ્રુમ જેવા ઉચ્ચ કક્ષાના સાહિત્ય રત્નો તેઓશ્રીની બુદ્ધિનું પરિણામ છે. કલમ અને કાગળ જિંદગીની છેલ્લી ઘડી સુધી તેઓએ છોડ્યા નથી. આવા એક આદર્શ જૈનના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછાં જ છે. તેઓશ્રીના આત્માને શાંતિ હો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*————શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી————*

હાઇસ્કૂલમાં અભ્યાસ કરતી વેળા વાંચનની અભિરુચિ સહજ પ્રગટે છે અને છેલ્લા ૨ દાયકામાં કથા-વાર્તાઓના ગ્રંથો કરતાં નવલિકાઓ વધુ આકર્ષણ સમી બની રહી છે. ામ છતાં એ કલ્પિત વાંચન ટાણે પણ જે કેટલાક ધાર્મિક પુસ્તકોએ મારું ધ્યાન ાકર્ષણ કરેલું એમાં સ્વર્ગસ્થ મોતીચંદભાઇકૃત અધ્યાત્મકલ્પદ્રમ ભાષાન્તર અગ્રપદે હતું. ધ્યાત્મ જેવા ગહન વિષયને સરલ વાણીમાં-મુદ્દાની વાતને ઉચિત વિસ્તારમાં-મૂકીને જે ણાવટ એ ગ્રંથમાં કરવામાં આવી છે તે અદ્‌ભૂત અને અજોડ જણાય છે. એ વિદ્વાન્‌ને જરે જોયા વિના, થયેલ આકર્ષણની આ પ્રથમ ભૂમિકા.

પણ જ્યારથી મુંબઇમાં વસવાટનો આરંભ થયો ત્યારથી પરિચય વૃદ્ધિ પામતો ગયો. નધર્મના પ્રશ્ન અંગેની કે અન્ય કોઇ જૈનસમાજને લગતી સભા હોય, એમાં વક્તા તરીકે યુત મોતીચંદભાઇનું નામ અગ્રપદે આલેખાયું હોય જ. **શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિકમાં તાં તેમના લેખોથી હરકોઇ જિજ્ઞાસુનું હૃદય તેઓશ્રીની કલમ પ્રતિ સહજ આકર્ષાય. લખાણોના વાંચને જ મને 'ઉપમતિભવપ્રપંચા કથા' જેવા ગહન-આંતરિક વિષયોના કોથી ભારોભાર ભરેલાં, પારિભાષિક શબ્દોથી શોભતાં, છતાં વાંચવામાં અપૂર્વ આનંદ ાવે તેવા મહાન્ ગ્રંથના ત્રણે ભાગ વાંચી જવાની પ્રેરણા જન્માવી, એટલું જ નહીં પણ ેક ધર્મી હૃદયના ઘરના શણગાર સમા આ અદ્વિતીય ગ્રંથને વસાવી લેવાની તમન્ના પેદા કરી.

જુન્નેરમાં શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના અધિવેશન પછી અમારી વચ્ચેનો પરિચય એક- વધી પડયો. વયમાં મારા વડિલ સ્થાને ગણાય એવા એ વિદ્વાન્‌ની સાથે જેમ જેમ ા કરવાના પ્રસંગો લાધતા ગયા તેમ તેમ તેમનામાં રહેલી શક્તિ અને ધાર્મિક જ્ઞાનની ાલતા ઊડીને આંખે વળગવા લાગી. કાયદાના જ્ઞાન ઉપરાંત વ્યવહારિક બહોળો અનુભવ, માન યુગ જેને મુત્સદ્દીપણાથી ઓળખે છે એવી શક્તિના નિતરાં દર્શન થવા લાગ્યા. મ શેઠ મોતીલાલ મૂળજીભાઇ પછી તેઓ કોન્ફરન્સના કાર્યમાં મુખ્ય આગેવાન સમા .. અધિવેશનની વાત હોય, અગર તો ઠરાવ ઘડનારી સમિતિની ચુંટણી કરવાની , અગર તો કોઇ મેમોરેન્ડમ તૈયાર કરવાનું હોય કિંવા ડેપ્યુટેશન લઇ જવાનું હોય, મોતીચંદભાઇ તો એમાં જોઇએ. એના કારણમાં તેઓશ્રીની અનોખી પ્રતિભા જ લોહ- ાકરૂપ હતી. તેઓનો સૌ કોઇ સાથે ભળી જઇ કામ કરવાનો મળતાવડો સ્વભાવ, ાઇની-જૂદા વિચાર ધરાવનાર વ્યક્તિ સુદ્ધાંતની-પ્રશંસાના કારણરૂપ બનતો.

છેલ્લા બે દાયકાના ઇતિહાસમાં એક તરફ તેઓશ્રીની શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ોડ બનાવવારૂપ તમન્ના અને બીજી તરફ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને જૈન સમાજ સાચું માર્ગદર્શન કરાવનારી મહાન્ સંસ્થા નિર્માણ કરવાની ઉત્કટ અભિલાષા-જૈન જ પૂરતી જ નહીં પણ જાહેર આમજનસમૂહમાં ચર્ચાના ખાસ વિષય તરીકે નોંધાયેલ એ વેળા ભિન્ન વિચારકો અને જૂદી દૃષ્ટિયે જોનારા હરિફો દ્વારા એ સામે ઓછા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યાઘાતો નથી પડ્યા–કેટલીક વાર તો વાતાવરણની ઉગ્રતા અને આંધિ એના છેલ્લા બિન્દુએ પહોંચેલી છતાં એ વેળા પણ મગજનું સમતોલપણું જરાપણ ગુમાવ્યા વિના જે જે કડવા ઘુંટડા ગળવા પડ્યા, એ આ વિદ્વાને સમતાભાવે ગળ્યા. એક પણ સંસ્થાનો સંબંધ કે સેવા જીવનના છેલ્લા વર્ષ સુધી છોડયા નહીં. માંદગીના બિછાને પણ એ અંગેના વિચારો કર્યાં અને જરૂરી સૂચનો આપે ગયા. આ જાતની એકધારી ઉત્કટ અંતરની ઊંડી જાગૃતિ અને સેવાની સાચી ઇચ્છા વગર ન જ સંભવી શકે.

રાજકારણથી પણ તેઓ વિમુખ નથી રહ્યા. જેમ ધાર્મિક પ્રશ્નો ટાણે તેમણે સ્વર્ગસ્થ મોહનલાલ દલીચંદ દેશાઇ, સ્વર્ગસ્થ મોહનલાલ ભગવાનદાસ ઝવેરીની સાથે કાયદાની સલાહ–સૂચનાઓ આપી છે અને અન્ય પ્રકારની દોરવણીઓ કરી છે, તેમ એ ઉભયથી નિરાળા પડી રાષ્ટ્રિય આંદોલનમાં ઝુકાવ્યું છે. સક્રિયપણે ભાગ લીધો છે. જેલ ભોગવી છે. મ્યુનીસીપાલીટીમાં ગયા છે. પાર્ટીના લીડર બન્યા છે અને અન્ય આગેવાનો જ્યારે જેલના સળીયા પાછળ પૂરાયેલા હતા ત્યારે રાષ્ટ્રિય મહાસભાનો ધ્વજ નમવા દીધો નથી. આ પ્રકારની–ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રિય–સેવાઓ આપનાર વિરલ વ્યક્તિના અવસાનથી મુંબઇના ચારે ખૂણામાં જે સંક્ષોભ ઉદ્ભવ્યો એ જૂદી જૂદી સભાઓના ઠરાવથી સહજ જણાઇ આવે છે.

ઉપર મુજબ ક્ષેત્રોમાં કામ કરવાના વ્યસનવાળા અને કાયદાની સલાહ આપવાના વ્યવસાયવાળા શ્રીયુત્ મોતીચંદભાઇ સાહિત્યના ક્ષેત્રમાંથી સંન્યાસ નથી લેતા; પણ કલમના વહેણ ચાલુ જ રાખે છે; સાહિત્ય પરિષદમાં હાજરી આપે છે; વ્યવહાર કૌશલ્યના લેખોની હારમાળા ચલાવે છે અને એ ઉપરાંત 'સિદ્ધર્ષિ' 'શાંત સુધારસ ભાવના' 'યુરોપનાં સંસ્મરણો' 'જૈન દૃષ્ટિએ યોગ' 'હેમચંદ્રાચાર્ય.' 'આનંદઘન પદ સંગ્રહ' 'સાધ્યના માર્ગે' 'નવયુગનો જૈન' 'બ્હોત ગઇ થોડી રહી' જેવી વિવિધરંગી કૃતિઓના સર્જન કરે છે. જૈન સાહિત્યના ક્ષેત્રમાં તેઓશ્રીનું નામ બહુમાનપૂર્વક આલેખાય એવી બે મોટી રચનાઓના વાત તો લેખની શરૂઆતમાં કહેવાઇ ચૂકી જ છે, છતાં ઉપરના પ્રત્યેક પુસ્તકમાં સ્વર્ગસ્થની પ્રતિભાશાળી કલમ એવી તો વહી રહી છે કે એક વાર વાંચવા લીધા પછી છોડવાનું મન ન થાય. એ વડે તેઓશ્રીનું સ્થાન સાહિત્યના ક્ષેત્રમાં ચિરંજીવી બન્યું છે.

'શ્રી વિજયાનંદ' ખાસ અંક કે જે શ્રી મુંબઇની આત્માનંદ જૈન સભા તરફથી પ્રગટ કરવામાં આવેલ એમાં 'આદર ન મૂકશો' એ નામા લેખ લખીને જૈન ધર્મના પ્રચલિત અનુષ્ઠાનો પ્રત્યે એ કેવો ભાવ ધરાવતા હતા અને સાથોસાથ જ્ઞાનને અગ્રપદે રાખીને ક્રિયાનો એની જોડે મેળ બેસાડવા પર ભાર મૂકતા હતા એ વાતનું સ્પષ્ટ દર્શન તેમણે કરાવ્યા છે.

તેઓ આથમતા યુગ અને નવા યુગ વચ્ચે પૂલ સમા હતા. નવી સંસ્કૃતિ ને નવવિચારધારાના પુરસ્કર્ત્તા હોવા છતાં સાચી શ્રદ્ધાના રંગે રંગાયેલા હોવાથી ઉપરછલ્લા દેખાવમાં અંજાઇ જઇ મૂળ વસ્તુનો ઘાત થાય તેવી કોઇ પ્રવૃત્તિને ટેકો આપતા નહીં. અનેકાંત દર્શનની સાચી ખુબીના સૌ કોઇને દર્શન થાય એ અર્થે તેઓ દરેક પ્રવૃત્તિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ મોતીચંદભાઈને સ્મરણાંજલિ

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,–માલેગામ

सृजति तावदशेषगुणाकरं, पुरुषरत्नमलंकरणं भुवः ।
तदपि तत्क्षणभङ्गिकरोति चे–दहह ! कष्टमपण्डितता विधेः ॥

વિધાતા પૃથ્વીના ભૂષણરૂપ બધા ગુણોથી યુક્ત એવા પુરુષરત્નો નિર્માણ કરી તરતજ તેને ભાંગી નાખે છે, એ વિધાતાની કેવી મૂર્ખાઈ ! એવા ઉદ્ગાર એક કવિએ કાઢ્યા છે.

અપૂર્વ અને અસાધારણ ગુણોવાળા પુરુષો ક્વચિત્ જગતમાં પેદા થાય છે અને તેઓ થોડો કાળ ચમકી કાલવશ થઈ જાય છે. એ સૃષ્ટિક્રમ અનાદિ કાળથી ચાલતો આવે છે. પૃથ્વી ઉપર જન્મી, પરિસ્થિતિને વશ થઈ પ્રવાહપતિતની પેઠે જીવન ગૂજારી છેવટ આ જગત છોડી જાય છે એવા પુરુષો તો અનેક હોય છે પણ શ્રીમાન મોતીચંદભાઈ જેવા અસાધારણ ગુણો ધરાવનારા ક્વચિત પુરુષો પોતાનો કર્તવ્યપથ ઠીક ઠીક આક્રમણ કરી ચમકી જાય છે. મોતીચંદભાઈએ ધારાશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી તેમાં સારો યશ મેળવી પોતાનો વ્યવસાય શરૂ કર્યો. તેમાં તેઓ યશસ્વી પણ થયા. આમ તો બધાએ પોતપોતાના માર્ગે અર્થોપાર્જન કરે છે એમાં વૈશિષ્ટ્ય નથી, પણ મોતીચંદભાઈ જેવા બંધુઓ જ્યારે વિજ્ઞાન અને જડવાદનો ઊંડો અભ્યાસ કરીને પણ સ્વધર્મીય તત્ત્વજ્ઞાનનો તલસ્પર્શી અભ્યાસ કરી, ચિંતન મનન કરી તેને પોતાના નિત્ય કાર્યક્રમમાં વણી લઈ શ્રદ્ધાપૂર્વક તેને અમલમાં મૂકે છે ત્યારે તેનું મહત્ત્વ ચમકી નિકળે છે. પોતાનો વ્યવસાય સાચવી નિત્ય દેવપૂજા, સામાયક, વ્રતોપવાસ અને પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયાઓ કરતા રહે છે ત્યારે તેમના માટે આદરભાવમાં ખૂબ વધારો થાય છે. ક્રિયાઓ તો ઘણાએ

ભાગ લેતા. કેટલીક વાર ભિન્ન દિશામાં વહી રહેલી, કાર્યવાહીઓ વચ્ચે પણ સમન્વય દૃષ્ટિથી અને અપેક્ષાનો કાંટો હાથમાં ધરી એવો યોગ મેળવી બતાવતા કે જેથી મતફેર અગ્નિમાં ઘી પીગળી જાય તેમ દૂર થઈ જતો.

છેલ્લા વર્ષોમાં તેઓશ્રીની અભિલાષા શ્રી મહાવીર ચરિત્ર વિસ્તારથી લખવાની અતિ જોરદાર બની હતી. એ દિશામાં તેઓએ લગભગ ભગવંત મહાવીર દેવના પૂર્વભવ સંબંધી વૃત્તાન્ત લખી નાખ્યો છે. અંતિમ યાને સત્તાવીશમા ભવ સંબંધી શરૂઆત પણ કરી હોવાનું સાંભળ્યું છે. મુંબઈમાં જૈનધર્મનું ગૌરવ સ્થાપનાર અને જૈન સમાજ માટે ચિરસ્મૃતિ મૂકી જનાર મોતીશા શેઠનું જીવનચરિત્ર પણ તેઓની કલમે સરજાયું છે. આશા રાખીએ કે તેઓશ્રીની એ અને અન્ય અપ્રકટ કૃતિઓ સત્વર સહસ્રરશ્મિ દેવના કિરણો ઝીલવા ભાગ્યશાળી નિવડે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે પણ તે ક્રિયાના કલેવરમાં જ્ઞાનપુર્વક ભાવનાનો પ્રાણ પૂરાય છે ત્યારે તેનું મહત્વ ખૂબ વધી જાય છે. શ્રીમાન્ મોતીચંદભાઇની સામાયકની ક્રિયા એવી જ એક સિદ્ધિ હતી. તેઓએ સામાયકનો ઉપયોગ પોતાના આત્મામાં સમતાભાવ ઉમેરવામાં તો કર્યો જ પણ સાથે સાથે પોતાના સ્વધર્મી બંધુઓ માટે અપૂર્વ ગ્રંથનિર્મિતી માટે પણ કરી જનતા ઉપર મોટો ઉપકાર કરી સ્વધર્મની ઉત્તમ સેવા તેઓ કરી શકયા, એ કાર્ય એમની કીર્તિસુગંધ અખંડ ફેલાવવાને કારણીભૂત થએલ છે એમાં જરાએ શંકા નથી.

પોતે મેળવેલ નિવૃત્તિસમયનો વધારેમાં વધારે અને સારામાં સારો ઉપયોગ શી રીતે કરવો એ વસ્તુ તેઓ સારી પેઠે જાણતા હતા. અને તેઓએ પ્રત્યક્ષ કૃતિમાં મૂકીને લોકોને દાખલો પૂરો પાડયો છે. તેઓ જે કાંઇ વાંચતા તેનો પોતાના બંધુઓને લાભ શી રીતે કરી આપવો તેનો નિત્ય વિચાર આગળ રાખી તેનો સંગ્રહ કરતા અને પોતાની સરળ અને બાલબોધ ભાષામાં અત્યંત સુલભ કરી તેઓ લોકો આગળ ધરતા. એવી મેળવેલ જ્ઞાનસંપત્તિનો મોટો સંગ્રહ કરી તેઓએ લોકોની આગળ પિરસ્યો છે અને જિજ્ઞાસુ બંધુઓએ તે રસપૂર્વક ખૂબ આનંદથી સેવન કર્યો છે. એ એમની કાર્યસિદ્ધિ અત્યંત પ્રશંસનીય અને ઘણા કાળ સુધી લોકોને આનંદ આપતી રહેશે એમાં શંકા નથી. નિયતકાલિક છાપાઓ તો ઘણાએ વાંચે છે પણ તેમાં એકાદ સુંદર વિચાર પ્રસંગવશાત આવી જાય છે તેનો સંગ્રહ કરી તેનો સારામાં સારો ઉપયોગ કરવાનું જાણે વ્યસન જ શ્રીમાન્ મોતીચંદભાઇને હતું એમાં શંકા નથી. આત્માને જાગૃત કરનારો ગ્રંથ જોવામાં આવે, એમાં પારિભાષિક શબ્દો ભરપૂર હોય, વિચારની સંકલના કઠણ જણાય, સામાન્ય વાચક તેથી કંટાળી તે ગ્રંથ મૂકી જ દે એવા પ્રસંગે મોતીચંદભાઇની જ બુદ્ધિ કામ કરતી. તેઓની ઉપમિતિભવપ્રપંચા કથા અને શાંત સુધારસ ભાવના એ એના જવલંત પુરાવાઓ છે. અને સદ્વિચારોનો સંગ્રહ–એ વ્યવહાર, વ્યાપાર અને ધર્મકૌશલ્યના સંગ્રહો અત્યંત કાર્યશીલતાના પુરાવાઓ છે. રાજકીય આંદોલનમાં તેમણે કારાવાસ વેઠયો. એવા પ્રસંગનો પણ સારામાં સારો ઉપયોગ તેઓ કરી શકયા અને 'નવયુગનો જૈન'ની પ્રસાદી તેઓએ લોકો આગળ ધરી. તેઓની ભાષામાં સહજસુલભતા, વસ્તુનું અચૂકદર્શન, પરિણત વિચારધારા અને શાસ્ત્રાનુકૂલ પ્રતિપાદન શૈલીની વિશિષ્ટતા જોવામાં આવે છે.

મહાવીર વિદ્યાલય જેવી સંસ્થા એ એમનું અખંડ કાર્યક્ષેત્ર રહ્યું હતું. આજની એ સંસ્થાની સદ્ધર સ્થિતિ મોતીચંદભાઇને જ વિશેષતઃ આભારી છે એમાં જરાએ અતિશયોક્તિ નથી. એ સંસ્થા ઉપર કેટલાએક લોકોએ અનેક કાલ્પનિક અને ખોટા આક્ષેપો કરી ખૂબ ઉશ્કેરણી કરી તોફાનો જગાવ્યા. એ બધાએ કડવા ઘૂંટડાઓ તેઓએ ગળી જઇ સંસ્થાની અખંડ સેવા ચાલુ રાખી તેથી જ એ સંસ્થા એમના સ્મારક જેવી પોતાની વિજયી ધ્વજા ફરકાવી રહી છે.

મહાવીર વિદ્યાલયમાં ચોસઠ પ્રકારી પૂજામાંની એક પૂજા ભણાવવામાં આવતી હતી ત્યારે દરેક પુજાને અંતે તેઓ પૂજાનો ભાવાર્થ સારરૂપે વિદ્યાર્થીઓને સમજાવતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં જૈન કર્મગ્રંથોનું તેમનું ઊંડું જ્ઞાન તરી આવતું હતું. તેમજ તેઓની ધર્મશ્રદ્ધા અને તલસ્પર્શી જ્ઞાન પ્રગટપણે જોવામાં આવતું હતું એ અમારો પ્રત્યક્ષ અનુભવ છે.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથનું તીર્થ એ બૃહન્મહારાષ્ટ્રની ધર્મસંપત્તિ છે. એ તો સુવિદિત જ છે કે, એ તીર્થમાં આપણા દિગંબરી આમ્નાયના બંધુઓએ કલહ પેદા કર્યો હતો. એની લડત ઘણા વરસો સુધી ચાલી હતી. તીર્થ શ્વેતાંબરી છે એવા શાસ્ત્રોના પુરાવાઓ મેળવવાની ઘણી જરૂર હતી. એમાં અમોને મોતીચંદભાઈની સારી જેવી મદદ મળી હતી. તેમજ અનેક વર્ષો સુધી કેસ ચાલતો હતો ત્યારે કાયદાની સલાહ મેળવવાની પણ અમોને જરૂર ઘણી પડતી હતી ત્યારે દરેક વખતે અમો શ્રીમાન્ મોતીચંદભાઈને જ તસદી આપતા. અને તેઓએ અખંડપણે ધર્મબુદ્ધિથી નિઃસંકોચ રીતે સલાહ આપી હતી, એટલું જ નહીં પણ જ્યારે કેસ વિલાયતમાં પ્રિવી કાઉન્સીલ આગળ ગયો ત્યારે ત્યાંના ધારાશાસ્ત્રીને સમજણ અને માહિતી આપવા માટે અહીંયાથી કોઈને મોકલવાની જરૂર જણાઈ ત્યારે અમારી દૃષ્ટિ મોતીચંદભાઈ ઉપર જ ગઈ. તેઓ ત્યાં ગયા અને કેસમાં ફતેહ મેળવી આપી. છેલ્લી ઘડીએ કોર્ટમાં તીર્થમાં વહીવટ અને પૂજા વિગેરે બાબત સ્કીમ ઘડવાની અણી પર કોર્ટ આવે છે એમ જણાતા મોતીચંદભાઈએ જ શ્વેતાંબરોની સ્વતંત્ર માલિકીનો હક કૌન્સલ મારફતે રજૂ કરી તીર્થની સ્વતંત્ર વ્યવસ્થા શ્વેતાંબરોને જ મળવી જોઈએ એવો આગ્રહ કર્યો ત્યારે જ ચૂકાદો પૂર્ણ રીતે શ્વેતાંબરોના લાભમાં આવ્યો. આ બધા પરિશ્રમ માટે તીર્થ તરફથી તેઓએ એક પાઈનો પણ લોભ રાખ્યો નહીં હતો, એ એમની નિઃસ્વાર્થબુદ્ધિનું સ્મરણ મહારાષ્ટ્રમાં કાયમને માટે જળવાઈ રહેશે.

અંતરિક્ષજીના કેસનું કામ પૂરું કરી જ્યારે તેઓ વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેમની સાથે ચર્ચા કરતા માલમ પડયું કે તેઓ જર્મનીમાં પણ ગયા હતા. ત્યાં સુપ્રસિદ્ધ જૈન ધર્મના અભ્યાસી હર્મન જેકોબી સાથેની તેમની મુલાકાતનું તેમણે ખૂબ વર્ણન કર્યું. જૈન ધર્મના હજારો ગ્રંથો જર્મનીમાં છે અને તેનો ઊંડો અભ્યાસ તેઓ કરે છે વિગેરે ખૂબ રસપ્રદ હકીકત તેમણે વર્ણવી. તેમણે જર્મન ભાષામાં લખેલ એક મોટો ગ્રંથ સાથે લાવેલ અમને બતાવ્યો હતો. તેમાં સિદ્ધચક્ર યંત્ર વિગેરે અનેક આકૃતિઓ હોવાને લીધે તે જૈનધર્મ વિષયક ગ્રંથ હતો એમ અમો જાણી શકયા.

જુન્નેર કોન્ફરન્સમાં તેઓ હાજર હતા અને શાંતિ જળવાઈ રહે તેમજ દીક્ષા બાબત કટુતા ન જાગે એ માટે એઓએ પ્રયત્ન કર્યો હતો. તેમજ અહમદનગરખાતે શ્રીમાન્ ઢઢ્ઢા સાહેબના પ્રમુખપણા નીચે મહારાષ્ટ્રની પ્રાંતિક કોન્ફરન્સની બેઠક મળી હતી તે વખતે પણ ખાસ સમય મેળવી ત્યાં હાજર રહ્યા હતા. તેમજ બીજા પણ અનેક બધુઓને તેડી લાવ્યા હતા. તેમના ભાષણની ખૂબ ઊંડી અસર થઈ હતી.

મોતીચંદભાઈએ અનેક સાર્વજનિક, રાષ્ટ્રીય, સામાજિક તેમજ ધાર્મિક કાર્યોમાં રસ લીધો હતો, તેની નોંધ અત્યાર સુધી અનેક વક્તા તેમજ લેખકોએ લીધી છે. અમો એમાં અમારો સૂર પૂરાવીએ છીએ. જૈન સમાજે સદ્ગતનું ગૌરવ પણ યોગ્ય રીતે કરેલ છે, એ જ બીના એમના નિઃસ્વાર્થ કાર્યનો પુરાવો કહી શકાય. મોતીચંદભાઈના આત્માને સદ્ગતિ ઇચ્છી વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાજનું "મૌક્તિક" ગયું !

**શ્રી રાજપાલ મગનલાલ વહોરા.**

ગત તા. ૨૬ મી માર્ચના દિવસે એક મિત્ર સાથે કેવળ અનાયાસે જ સ્વર્ગસ્થ મોતીચંદભાઈ વિષે અને તેમના સાહિત્ય વિષે વાતો નીકળી. "જૈન"-માં છૂટક છૂટક તેમણે લખેલ "વ્યાપાર કૌશલ્ય" નાં લેખોને, તે જ નામે ગ્રંથસ્થ કરી "જૈન" પત્રે ભેટ તરીકે આપેલ તે પુસ્તક આ લેખકનાં ટેબલ પર પડયું હતું. અમે તેમાંથી, યત્ર તત્રથી ગમે તે વિષય પરત્વેનાં તેમના એ લઘુ લેખાંકો વાંચવા માંડ્યા. વ્યાપારમાં જાહેર ખબરનું પણ ચોક્કસ સ્થાન છે. એટલે તે વિષે તેમણે લખેલ એ લેખાંકોમાંથી એક લેખ વાંચી અમે ખૂબ વિનોદ પ્રાપ્ત કર્યો. પણ તે વખતે એ કલ્પના પણ કયાંથી હોય કે તેઓ આવતી કાલે આપણ-ને છોડીને ચાલ્યા જશે અને આ સ્મરણો લખવાનો પ્રસંગ પ્રાપ્ત થશે !

નાનપણથી શ્રી જૈનધર્મ પ્રકાશમાં તેમનાં લેખો, નામના આદિ અક્ષરોસૂચક "મૌક્તિક" ઉપનામથી આવતા, તે રસપૂર્વક હું વાંચતો અને ત્યારથી સ્હેજે તેમના પ્રત્યે આદર કેળવાતો ગયો. પછી તો કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિમાં કામ કરવાનું બનતાં, તેમનાં સાજન્યનો અનુભવ ઘણીવાર થયો છે.

પક્ષભેદમાં વહેંચાયેલ આપણાં નાના સમાજમાં, તેઓ મહાન હતા. કેટલાક-ને મહાનતા જન્મથી મળી જાય છે ત્યારે કેટલાક જાતે મહાન બને છે. મુરબ્બી મોતીચંદભાઈ દ્વિતીય પ્રકારનાં હતા. તેઓ સ્વપ્રયત્ને મહાન બન્યા હતા એમ કહેવામાં કશું ખોટું નથી. શ્રી અને સરસ્વતીનો સુભગ યોગ તેમણે સાધ્યો હતો.

જૈન દર્શનમાં જ્ઞાનનાં જે વિવિધ પાસાઓ છે તે સર્વ ભણી તેઓ જીવનનાં આરંભકાળથી જ આકર્ષાયા હતા. અને યોગ્ય વ્યક્તિઓદ્વારા સુશિક્ષણ પામી, પછી તેઓ જાતે જ્ઞાનની પરબ જેવા બની ગયા હતા. તેમનું વિવેચિત અધ્યાત્મકલ્પદ્રુમ જુઓ કે સુંદર ગેય કાવ્યગ્રંથ શાંતસુધારસ ઉપરનું તેમનું વિવેચન વાંચો, સિદ્ધર્ષિ કથા વાંચો કે ઉપમિતિનાં વિવિધ પાત્રો જુઓ, હેમચન્દ્ર વિષે તેમને સાંભળો કે આનંદઘનજીનાં કાવ્યો વિષે તેમને વાંચો, બધે જ આપણ-ને તેમની તદ્રુપતાનાં દર્શન થશે. ભારે વ્યવસાયી જીવનમાં જ્ઞાનનાં આ વિવિધ ક્ષેત્રો સાથે એકરૂપતા સાધવી એ ઓછું મુશ્કેલ નથી. ઇશ્વરદત્ત સહજ શકિત અને જ્ઞાન પ્રત્યેનો ઊંડો રસ આવા સુંદર ફલ આપી શકે છે.

જૈન શ્વે. કોન્ફરન્સના મંત્રી તરીકે તેઓ વર્ષો સુધી રહ્યા. એ દરમિયાન કડવા–મીઠા અનેક અનુભવો તેમને થતાં, પરંતુ પારકી કટુતાને એ કદી પોતાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં નહીં. કોન્ફરન્સની મુંબઇની સ્થાયી સમિતિની બેઠક હોય, તેમાં અનેક ઉકળતા પ્રશ્નો વિચારવાનાં હોય, સદ્‌ગત સાક્ષર મોહનલાલ દેસાઇ જેવા ભારે કટાક્ષમય ભાષામાં પોતાના વિચાર ઠાલવે, પણ સ્વ૦ મોતીચંદભાઇનાં વક્તવ્યમાં કદી કડવાશ પ્રવેશી હોય એવું જોયું નથી. એ તો પોતાની રીતે જ બધા પ્રશ્નો રજૂ કરે કે જવાબ આપે. તેમની આ જીવંત દૃષ્ટિથી જ ભારે વિષમ સંજોગોમાં પણ તેઓ કોન્ફરન્સને ટકાવી શકયા હતા. દેશ-કાળને ઓળખવાની તેમની શકિત પણ પ્રશંસા માગી લે તેવી હતી.

રોગનાં છેલ્લા હુમલાને બાદ કરીએ તો ૭૦ વર્ષની ઉમ્મરે પણ તેમનું શરીર સ્વાસ્થ્ય સારું કહી શકાય તેવું હતું. થાકને તેઓ ઓળખતા જ નહીં. આશાવાદ એ તેમનો મુદ્રાલેખ-જીવનસૂત્ર હતું. આ બધું આપણી નવી પેઢીએ શીખવા જેવું છે.

વડિલો પાસે ભૂલ સ્વીકારવામાં તેમને ક્ષોભ થતો નહીં. ઘણે ભાગે સં. ૧૯૯૬ની વાત છે. એ સાલમાં માનનીય સ્વર્ગસ્થ કુંવરજીભાઈ ભાવનગર પાંજરાપોળની ટીપ માટે મુંબઇ આવેલા. 'જૈન ધર્મ પ્રકાશ'નાં છેલ્લાં પ્રૂફ તેઓ જાતેજોવા મુંબઇ મંગાવતા. શ્રી મોતીચંદભાઇને ઘેર તેમને મળવા હું ગયો ત્યારે યોગાનુયોગે મારા એક લેખનાં પ્રૂફ આવેલા, જેને તેઓ સુધારી રહ્યા હતા. તે લેખમાં પ્રસંગને અનુરૂપ એક શ્લોક મૂકાયેલો તેનાં પ્રથમનાં બે ચરણ આ પ્રમાણે હતા.

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।

તેનો અર્થ મેં "જે ક્રોડો ગ્રંથમાં કહ્યું છે તે હું અર્ધા શ્લોકમાં કહીશ" આ પ્રમાણે કરેલ. સુ. કુંવરજીભાઇએ ગ્રંથનો અર્થ ગ્રંથ ન રાખતાં, શ્લોક એવો સુધારો કર્યો. મેં પ્રશ્ન કર્યો: "અહીં ક્રોડો ગ્રંથ એ અર્થ બંધબેસતો નહીં જ થાય ?" તેમણે ના પાડી અને બાજુમાંથી મોતીચંદભાઇ નીકળ્યા તેમને પૂછ્યું : "મોતીચંદ, ગ્રંથ એટલે શું ?"

"ગ્રંથ એટલે ગ્રંથ-પુસ્તક." મોતીભાઇએ કાંઇક સહસા ઉત્તર આપ્યો. મુરબ્બી કુંવરજીભાઇનાં ભવાં સહેજ ઊંચા ચઢ્યા અને ફરી પૂછ્યું: "ગ્રંથ સંખ્યા-અમુક પ્રમાણમાં" એમ જયાં આવે છે ત્યાં ગ્રંથનો શું અર્થ લેવાય ? તુરત જ મોતીચંદભાઇએ ગ્રંથનો અર્થ શ્લોક એ કબૂલ્યું.

મોતીચંદભાઇ શ્રી જૈન ધર્મ પ્રકાશમાં પ્રકાશિત કરવા લેખો મોકલે તેમાં ઘણીવાર સુ. કુંવરજીભાઈ સુધારો-વધારો કરતા અને તેને મોતીચંદભાઈ સાદર મંજૂર રાખતાં એમ કુંવરજીભાઇને મોઢે સાંભળેલું. મતલબ કે વડિલો પાસે તેઓ નમ્ર અને મિથ્યાભિમાનથી મુક્ત હતા.

મહાવીર વિદ્યાલય એ તેમની સતત ચિંતાનું સ્થાન હતું. દેડકા પ્રકરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેળા જો મોતીચંદભાઇ ન હોય તો એ ભવ્ય સંસ્થાને પીંખાઇ જતાં વાર ન લાગે એવી વિષમ પરિસ્થિતિ ઊભી કરવામાં આવી હતી, પણ સદ્‌ભાગ્યે બધું થાળે પડી ગયું.

મોતીચંદભાઇના લેખનમાં પુનરૂક્તિ દોષ ઘણીવાર આવતો. છેલ્લા રોગનાં હુમલા પછીનાં તેમનાં લખાણોમાં આ વસ્તુનું પ્રમાણ અતિશય વધ્યું દેખાય છે. તળપદા શબ્દપ્રયોગો એ તેમની વિશેષતા હતી. છેલ્લી ફરજીયાત નિવૃત્તિ દરમિયાન "મહાવીર ચરિત્ર" પચીસ ભાગમાં તૈયાર કરવાની તેમની યોજના હતી એ સમાચાર હમણાં જ આપણે શ્રી પરમાનંદભાઈ પાસેથી જાણ્યા. એ થયું હોત તો જૈન સાહિત્યની ભારે અગત્યની એક ખોટ કદાચ પૂરાઇ હોત. પરંતુ કાળને એ મંજૂર ન હતું અને તેથી એ યોજનાનાં શ્રી ગણેશની શરૂઆતમાં જ, તેઓશ્રીનાં દેહાંતનાં દુઃખદ સમાચાર અચાનક સાંભળવા મળ્યા છે.

સત્કર્મશાલીને અહીં કે ત્યાં-ગમે તે ઠેકાણે સુખ અને શાંતિ જ હોય એ નિયમાનુસાર તેમનો આત્મા જ્યાં હશે ત્યાં શાંતિમાં જ હશે. તેને વંદન કરી આ લેખ પૂર્ણ કરું છું.

## એકધારા વિદ્યાવ્યાસંગી.

એમનો એકધારો વિદ્યાવ્યાસંગ અને આજીવન સેવાવ્રતે એમના જીવનને જે શાંતિ બક્ષી હતી તે સંસારના આધિ-વ્યાધિ અને છેલ્લી માંદગીઓ પછી આવેલી શારીરિક ક્ષીણતાને હળવી કરી દેતી. અંતે એમણે એ બધાથી છૂટકારો મેળવ્યો.

લુહાર ચાલવાળા મનહર બિલ્ડિંગના એમના રહેઠાણે તમારા કૉલેજના દિવસોમાં હું આવતો ત્યારે દિવસો લગી કુટુંબના જ એક સભ્ય તરીકે તેઓ મને રાખતા. તે કાળે મેં નિકટપણે રહીને નિહાળેલા એમના ભર્યાભર્યા ગૃહસ્થ જીવનની અને સવારની સામાયિક વેળાએ ચાલતા એમની એકધારી ધાર્મિક ગ્રંથ-લેખનની છાપ મારા સ્મૃતિપટ પરથી કદી ભૂંસાઈ નથી.

—સ્વામી આનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌ગતને નિવાપાંજલિઓ

શ્રીયુત મોતીચંદભાઇ કાપડિયાના સ્વર્ગવાસ થવા બાદ તેમના બહુસંખ્યક આપ્તજનો તરફથી જે અનેકવિધ હમદર્દી કે દિલસોજીના સંદેશાઓ આવેલા તે પૈકી કેટલાક અગત્યના, સંક્ષેપમાં, અત્રે ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

No. 76,

Municipal Corporation Office,
Bombay, 3rd April, 1951.

*From,*
Shri C. F. D'Souza,
Municipal Secretary.

*To,*
**Shri Vinaya Motichand Kapadia.**

*Sir,*

I have to communicate to you the following Resolution passed by the Municipal Corporation of Greater Bombay, at their meeting held on the 27th March 1951, with reference to the lamented death of your father, the late Shri Motichand G. Kapadia :—

"That the Corporation have learnt with deep regret of Sad death which took place on 27th March 1951, of Shri Motichand G. Kapadia who was a member of the Corporation for twelve years, Chairman of the Standing Committee for the year 1942–43, and who in these and various other capacities and generally as a public spirited citizen rendered very valuable services to the City".

2. I have also to convey to you the Corporation's sympathy with you and your family in your sad bereavement and to state that as a mark of respect to the memory of your father, the Corporation adjourned without transacting any business that day.

Yours faithfully,
*C. F. D'Souza,*
Municipal Secretary.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારત જૈન સમાજના એક અગ્રગણ્ય આગેવાન અને સાક્ષર શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરનું તા. ૨૭-૩-૫૧ના રોજ મુંબઇમાં અવસાન થયું તેની આ સભા ઊંડા ખેદ સાથે નોંધ લે છે. તેમના સ્વર્ગવાસથી રાષ્ટ્ર અને જૈન સમાજને ન પુરાય તેવી ભારે ખોટ પડી છે.

સ્વ. મોતીચંદભાઈએ ધર્મનિયમ-જીવન જીવી બતાવ્યું છે અને તે સાથે રાષ્ટ્ર અને ધર્મની ઘણી ભારે સેવા તેમણે કરી છે તે યાદ કરતાં આ સભા ગૌરવ અનુભવે છે. સ્વર્ગસ્થ મોતીચંદભાઈના કુટુંબીઓના દુ:ખમાં આ સભા પોતાની સહાનુભૂતિ દર્શાવે છે અને સ્વર્ગસ્થના આત્માની શાન્તિ થાય તેમ પ્રાર્થના કરે છે.

**ભોગીલાલ મગનલાલ.**

પ્રમુખ શ્રી ભાવનગર જૈન સંઘની મીટીંગ.

આપણા સમર્થ વિદ્વાન લેખક અને હરિજનબંધુના તંત્રી શ્રીયુત્ કિશોરલાલ મશરૂવાળાએ ભાઇશ્રી પરમાણંદદાસ ઉપર સ્વ. શ્રી મોતીચંદભાઇને અંગે જે પત્ર લખ્યો છે તેમાંથી નીચેનો ભાગ લેવામાં આવ્યો છે:—

"શ્રી મોતીચંદભાઈ ગયા. ઉમ્મર તો થઈ જ હતી. શરીર પણ ભાંગી ગયું હતું. એટલે શાન્તિ પામવાની જરૂર જ હતી. સુવાસ મૂકી ગયા છે જે આપણને દીર્ઘકાળ મળશે. તમે હવે એ કુટુંબમાં સૌથી વડીલ ગણાઓ ને? તમે પણ સુવાસ તો કેળવી છે, પણ જરા યુકેલિપ્ટસ જેવી ઉગ્ર ગણાય. મોતીચંદભાઇની ગુલાબ જેવી સૌમ્ય. ખરૂં કે નહિ?"

**કિશોરલાલ મશરૂવાળા.**

શ્રી. મોતીભાઇ જતાં કુટુંબની છત્રછાયા ગઇ. સૌરાષ્ટ્રના એક અભ્યાસી અને બાહોશ કાર્યકર પણ ગયા. અને જૈન કોમે તેની અનન્યભાવે સેવા કરનાર એક આગેવાન ખોયો. મુંબઇના જાહેર જીવનમાં પણ એમનો યશસ્વી ફાળો હતો.

**શ્રી બ વંતરાય ગો. મહેતા, ભાવનગર.**

મોતીભાઇ ગયા. એની ઉમર લાયક હતા ને ગયા પણ એથી કાંઇ લાગ્યા વિના ન રહે! લાગવા લાગવામાં પણ ફેર છે, બીજી કોઇ બેનને લાગે ને તમને લાગે તેમાં પણ ફેર છે. તમને તો સૌથી વધારે લાગે, એ હું બરાબર સમજી શકું છું, મુંબઇના મિત્રોને લાગે કે-એક પરોપકારી સજ્જન ગયા.

(મોંઘી બહેન ઉપરના પત્રમાંથી). **નાનાભાઇ ભટ્ટ, ચોરવાડ.**

સંસારની ઘણી પ્રવૃત્તિ કરી, સાથોસાથ આત્મતત્ત્વ જાણવાનું વિચારવાનું પણ, અધ્યાત્મના ગ્રંથો-વાંચી ભાષાંતર કરીને પણ કર્યું. સામાજિક કામો સેવાના પણ ઘણા પ્રકારે કરતા ગયા અને તે સર્વમાં મહાવીર જૈન વિદ્યાલયના સ્થાપન કાલથી તે પોતાની જિંદગી સુધી સતત એકધારી સેવા તે સંસ્થાની કરી જ્ઞાનની ઉપાસના કરતા ગયા છે; એટલે તેઓશ્રીનું જીવન તો સુંદર, સંતોષકારક અને ધન્ય રીતે જીવી આ જન્મ સફળ કરતા ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

પણ આવા સુંદર, શાંત અને સરળ જીવો આ વિષમ કાળમાં બહુ ઓછા હોય છે એટલે તેમની ખોટ બધાને સાલે તેવી છે તો તમોને સાલે તેમાં તો નવાઇ જ નથી. પરંતુ જ્યાં મનુષ્યની નિરુપાયતા છે ત્યાં શાંતિ રાખ્યા સિવાય બીજો કોઇ માર્ગ જ ડાહ્યા માણસ માટે નથી, માટે તમો સર્વ ધીરજ અને શાંતિ રાખશો અને ભાઈના પગલે તમારાથી બની શકે તેટલું ચાલવા પ્રયત્ન કરશો.

**છોટાલાલ ત્રિકમલાલ પારેખ, અમદાવાદ.**

સૌજન્યમૂર્તિ–કર્મયોગી એવા શ્રી મોતીચંદભાઇના ખેદજનક સ્વર્ગવાસના સમાચાર જાણી આઘાત થયો. કર્મયોગીઓ, વિદ્વાનો અને કાર્યદક્ષ વિભૂતિઓ જૈન જૈનેતર સમાજ ગુમાવતો જાય છે–તે તે બાબતમાં રંક બનતો જાય છે. જૈન સમાજે તો એક મહાન્ તત્ત્વચિન્તક, અધ્યાત્મી, વિદ્વાન અને કાર્યદક્ષ બુદ્ધિમાન, સેવાભાવી સત્પુરુષ ગુમાવી ગરીબી મેળવી છે. ભાવિ બળવાન છે, પણ એમની ખોટ નહી પુરાય–પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

**મણિલાલ મો. પાદરાકર, મુંબઇ.**

**मोतीचंदभाइके दुःखद अवसान से देश की और विशेषतः जैन समाज की बहोत वडी हानि हूइ है. श्री मोतीचंदभाइने अपनी हयातीमें देशके वास्ते और जैनसमाजके वास्ते स्वार्थत्याग किया है और मनोभावसे उनकी सेवा कियी है, ऊनके अवसानसे आपके कुटुंब पर बडा कुठार आघात हूवा है. आपके दुःखमें हमारा सब कुटुंब समभागी है. आपको यह दुःख सहन करनेकी शक्ति मिले.**

आपका,

**कुं. सो. फिरोदिया, मुंबइ.**

દશકાઓ સુધી જૈન સમાજની એકધારી સેવાઓ દ્વારા જૈન સમાજની ઉન્નતિ માટે જીવ્યા એવા અટંકી અને નિર્ભય ખડક જેવા સુભટના જવાથી જૈન સમાજને ભારે ખોટ પડી છે તેઓએ પોતાના ઉચ્ચ સંસ્કારો અને સ્વાર્પણની ભાવનાથી સમાજને રંગી નાખ્યો હતો. કેળવણી દ્વારા જૈન સમાજને મોખરે લાવવામાં અને કોન્ફરન્સ દ્વારા તેની સર્વદેશીય ઉન્નતિ સાધવામાં તેમણે અમૂલ્ય ફાળો આપ્યો હતો. મહાવીર જૈન વિદ્યાલય તેમની કીર્તિગાથા ગાતું આજે પણ ખડું છે. સાહિત્યદ્વારા અને ઊંડી શીલસૂરીભર્યા ચિંતનદ્વારા તેમણે ધર્મ અને સાહિત્યક્ષેત્રે પણ પોતાની અમર જ્યોત ઝળહળતી રાખી છે

કોઈ પણ પુત્ર ગૌરવ લઇ શકે એવા શિરછત્રના જવાથી તમારા ઉપર અને તમારા આખા કુટુંબ ઉપર જે દુઃખ આવી પડયું છે તેમાં અમો સમવેદના પ્રકટ કરીએ છીએ. સદ્ગતના આત્માને ચિરંતન શાન્તિ મળો એજ અભ્યર્થના.

**નાગકુમાર ના મકાતી, વડોદરા.**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only